અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ જુલાઈ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૧૦ | અંક : ૦૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહનો દાવો

# ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું

## પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું : આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું : રાહુલ સિંહ


। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાનો બદલો લેવા માટે ભારતીય આર્મી ફોર્સે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને POKમાં આતંકી ઠેકાણો પર હુમલો કર્યો હતો. હવે ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે દાવો કર્યો છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત એક રીતે ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું. પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું. આ રીતે ભારતીય સેના એક સરહદ પર ત્રણ શત્રુ દેશો સાથે લડી રહી હતી. ડેપ્યુટી આર્મી ચીફ રાહુલ સિંહે FICCI દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, ચીન યુદ્ધ દરમિયાન



પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ રીતે, ચીન પાકિસ્તાનને સંપૂર્ણ મદદ કરી રહ્યું હતું અને તેણે કોઈ કસર ન છોડી.

નવા યુગની મિલિટ્રી ટેકનોલોજી વિષય પર આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા લેફ્ટનન્ટ જનરલે કહ્યું કે, આપણી પાસે સરહદ એક હતી, પરંતુ શત્રુ બે હતા અને વાસ્તવમાં ત્રણ હતા. પાકિસ્તાન સામે હતું અને ચીન પાછળથી તેને તમામ મદદ કરી રહ્યું હતું. પાકિસ્તાન પાસે જે હથિયારો છે તેમાંથી ૮૧% હથિયાર તો ચીનના જ છે. આ રીતે, ચીને અન્ય હથિયારો સામે પોતાના હથિયારોનું ટેસ્ટિંગ પણ કરી લીધું. આ રીતે ચીન માટે પોતાના હથિયારોના ટેસ્ટિંગના હેતુથી એક લાઈવ લેબ બની ગઈ. આવી જ રીતે તુર્કીયેએ પણ પાકિસ્તાનને પોતાની રીતે સંપૂર્ણ મદદ કરી. જ્યારે DGMO લેવલની ચર્ચા થઈ રહી હતી, ત્યારે પાકિસ્તાનને સંપૂર્ણ અપડેટ્સ ચીન તરફથી મળી રહ્યા હતા. લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે કહ્યું કે, આપણી પાસે એક મજબૂક એર ડિફેન્સ રહેવી જ જોઈએ જેથી આપણે પાકિસ્તાન અને ચીનના જોખમનો એક સાથે સામનો કરી શકીએ. સંપૂર્ણ ઓપરેશન દરમિયાન હવાઈ સુરક્ષા કેવી રહી તે મહત્ત્વપૂર્ણ છે. આ વખતે આપણા નાગરિકોને વધારે નુકસાન ન થયું, પરંતુ આપણે આપણી એર ડિફેન્સ સિસ્ટમને વધુ મજબૂત કરવી પડશે. તેમણે આ દરમિયાન ભારતીય સેનાની પ્રશંસા કરી અને કહ્યું કે, આપણે પાકિસ્તાનમાં ખૂબ જ સટીકતા સાથે હુમલા કર્યા અને એ જ ઠેકાણાને ટાર્ગેટ કર્યા, જ્યાંથી આતંકવાદીઓને ટ્રેનિંગ મળી રહી હતી. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂરમાંથી આપણે આપણને કેટલીક સીખ પણ મળી છે. નેતૃત્વ તરફથી અમને સ્પષ્ટ સંદેશ હતો. એવું કહેવામાં આવ્યું હતું કે, આપણે જે પીડા સહન કરી છે તેને ભૂલવાની જરૂર નથી. આવું આપણે થોડા વર્ષો પહેલા કરતા હતા. ડેટાના આધાર પર અમે ટાર્ગેટ નક્કી કર્યા અને પછી યોજના બનાવીને હુમલા કર્યા.



અનંતનાગ જિલ્લામાં આવેલા પવિત્ર અમરનાથ ગુફા મંદિરમાં કુદરતી રીતે બનેલું બરફનું 'શિવલિંગ'.

### આસ્થા પુનિયા બન્યા ભારતીય નૌસેનાના મહિલા ફાઈટર પાયલટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સબ-લેફ્ટનન્ટ આસ્થા પુનિયા પ્રથમ મહિલા ફાઈટર પાયલટ બનતા ભારતીય નૌસેનામાં એક નવો ઈતિહાસ રચાયો છે. અત્યાર સુધી મહિલા પાયલટ નૌસેનાના જાસૂસી વિમાન અને હેલિકોપ્ટર ઉડાવતા હતા, પરંતુ આસ્થા હવે ફાઈટર જેટ ઉડાવશે, જે દેશની સુરક્ષામાં તેમની ભૂમિકાને વધુ મહત્ત્વ પૂર્ણ બનાવશે. ભારતીય નૌસેના ઠ પર એક પોસ્ટ શેર કરી છે. તેમાં આસ્થા પુનિયાનો ફોટો પણ છે. નૌસેનાએ પોસ્ટમાં લખ્યું છે કે, નૌસેના ઉડ્ડયનમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌસેનાએ ૦૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારતીય નૌસેના હવાઈ મથક ખાતે બીજા બેઝિક હોક કન્વર્ઝન કોર્સ પૂર્ણ કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન સ્થાપિત કર્યું. લેફ્ટનન્ટ અતુલ કુમાર ધુલ અને SLT આસ્થા પુનિયાને રીઅર એડમિરલ જનક બેવલી, ACNS (એર) તરફથી પ્રતિષ્ઠિત વિંગ્સ ઓફ ગોલ્ડ એવોર્ડ એનાયત કરાયો છે. નૌસેનાએ X પોસ્ટ દ્વારા માહિતી આપી હતી કે આસ્થા પુનિયા નૌસેના ઉડ્ડયનના ફાઈટર સ્ટ્રીમમાં જોડાનાર પ્રથમ મહિલા પાઈલટ બન્યા છે. આસ્થા પુનિયા કયું ફાઈટર એરક્રાફ્ટ ઉડાવશે તે અંગે હાલ કોઈ સત્તાવાર માહિતી અપાઈ નથી. જો કે, ભારતીય નૌસેના અમુક ખાસ પ્રકારના ફાઈટર એરક્રાફ્ટ છે.


### ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જીત । સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાંથી પસાર થયા બાદ આ બિલ હવે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ હસ્તાક્ષર માટે મોકલવામાં આવ્યું છે

# અમેરિકન સંસદના બંને ગૃહોમાં 'વન બિગ બ્યુટીફૂલ બિલ' પસાર

। (એજન્સી) વોશિગ્ટન, તા.૪ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું પ્રખ્યાત 'વન બિગ બ્યુટીફુલ બિલ' ગુરુવારે મોડી રાત્રે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા ૨૧૮-૨૧૪ ના માર્જિનથી પસાર થયું, જેને તેમના બીજા કાર્યકાળની મોટી સિદ્ધિ ગણાવવામાં આવી રહી છે.

સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાંથી પસાર થયા બાદ આ બિલ હવે પ્રમુખ ટ્રમ્પ સમક્ષ હસ્તાક્ષર માટે મોકલવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે બિલ પર મતદાન દરમિયાન, બે રિપબ્લિકન સાંસદોએ પાર્ટી લાઈન તોડીને ડેમોક્રેટિક પાર્ટીના



પક્ષમાં મતદાન કર્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે બંને ગૃહોમાંથી આ બિલ પસાર થવા પર ખુશી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે મેં લાખો પરિવારોને 'ડેથ ટેક્સ'માંથી મુક્ત કર્યા છે. અમેરિકાના સ્વતંત્રતા દિવસના અવસર પર આ બિલથી સારી ભેટ કોઈ હોઈ શકે નહીં.

બિલ પસાર થયા પછી, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પત્રકારોને જણાવ્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ શુક્રવારે સાંજે ૫ વાગ્યે તેમના મોટા કર મુક્તિ અને ખર્ચ ઘટાડા બિલ પર હસ્તાક્ષર કરી શકે છે.આ બિલમાં કરમાં કાપ, સૈન્ય બજેટ, સંરક્ષણ અને ઉર્જા ઉત્પાદન માટે વધારાનો ખર્ચ, તેમજ આરોગ્ય અને પોષણ કાર્યક્રમોમાં કાપ જેવી મુખ્ય જોગવાઈઓ શામેલ છે. આ બિલ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના મોટા પાયે દેશનિકાલ માટે ખર્ચ વધારવા સાથે પણ સંબંધિત છે. જ્યારે અન્ય વિપક્ષ માને છે કે આ ખર્ચ દેશના આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોને અસર કરે તેવી શક્યતા છે.

આ જ કારણ છે કે ઉદ્યોગપતિ ઈલોન મસ્ક સહિતનો એક મોટો વર્ગ આ બિલનો વિરોધ કરે છે અને તેની ટીકા કરી રહ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રના મતે, આ બિલ ૨૦૧૭ ના કર કાપ અને નોકરી કાયદાને કાયમી ધોરણે લાગુ કરવા તેમજ તેમના ચૂંટણી વચનો પૂરા કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. જોકે, બિલ પસાર થવાથી કોંગ્રેસમાં મતભેદો ઉભા થયા છે.

### ઓફિસમાં કેક કાપી તો કાર્યવાહી થશે, સરકારે આપી કડક સૂચના

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

મહારાષ્ટ્ર સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે સરકારી ઓફિસ હવે કોઈ પણ પ્રકારના પર્સનલ ફંક્શન માટે નહીં હોય. મતલબ સ્પષ્ટ છે કે, હવે સરકારી કર્મચારી પોતાના ઓફિસ ટાઈમમાં કેક કાપી શકશે નહીં. મીણબત્તી પ્રગટાવી શકશે નહીં, અને કોઈ નાનામોટા સેલિબ્રેશન પણ કરી શકશે નહીં. સરકારે મહારાષ્ટ્ર સિવિલ સેવા આચરણ નિયમ ૧૯૭૯ અંતર્ગત આ નિર્ણય લીધો છે. જો કોઈ કર્મચારી આ નિયમ તોડશે, તો સર્ક્યુલરમાં જાણકારી આપી છે, તેમ જો આવું કરશે તો સીધી ચેતવણી વિના કાર્યવાહીનો સામનો કરવો પડશે. હંમેશા જોવા મળ્યું છે કે કેટલીય સરકારી ઓફિસો પાસે ઢગલાબંધ ફાઈલોના કામ પેન્ડિંગ રહે છે. પણ તેમ છતાં અમુક લોકો ઓફિસ ટાઈમમાં પોતાનો જન્મદિવસ અથવા સેલિબ્રેશન મનાવતા હોય છે. આ કારણે બાકી કામ પ્રભાવિત થાય છે. સરકારે જ્યારે આ જોયું કે ઓફિસમાં પર્સનલ સેલિબ્રેશન વધી રહ્યા છે, તો તરત તમામ સરકારી વિભાગોને એક સર્ક્યુલર મોકલી દીધો. તેમાં લખ્યું છે કે, કોઈ પણ અધિકારી કે કર્મચારી જો ઓફિસ ટાઈમમાં આવું કરશે તો તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. આજકાલ સોશિયલ મીડિયાનો જમાનો છે.

### સહકારી મોડલ મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ

## દૂધ મંડળીઓમાં ૨૧ %ના વધારા સાથે આવક પહોંચી ૯,૦૦૦ કરોડને પાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે આત્મનિર્ભર બનાવીને જ ભારતને સંપૂર્ણપણે આત્મનિર્ભર બનાવા ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો છે. તેમણ ગ્રામીણ અર્થતંત્રમાં મહિલા નેતૃત્વને સશક્ત બનાવવા માટે સહકારી મૉડલને પ્રાથમિકતા આપી છે. વડાપ્રધાન મોદીના ભારતને સંપૂર્ણપણે આત્મનિર્ભર બનાવવાના વિઝનને સહકારી મંત્રી અમિત શાહ, ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે આગળ ધપાવ્યું છે. જેના પગલે, ગુજરાતે સહકારી ક્ષેત્રના માધ્યમથી ખરા અર્થમાં મહિલા સશક્તિકરણ કર્યું છે. ગુજરાતના સહકારી વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, દૂધ મંડળીઓમાં પણ મહિલાઓની આગેવાનીમાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૫માં દૂધ મંડળીઓમાંના બોર્ડમાં ૮૨ ડિરેક્ટર્સ તરીકે ૨૫% મહિલા સભ્યો છે, જે દૂધ મંડળીઓમાંની નીતિ ઘડવામાં તેમની સક્રિય ભાગીદારી દર્શાવે છે. ગુજરાતની દૂધ સહકારી મંડળીઓમાં પણ મહિલા સભ્યોની સંખ્યા સતત વધી રહી છે. ગુજરાતમાં લગભગ ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી લગભગ ૧૨ લાખ એટલે કે ૩૨ % દૂધ ઉત્પાદક સભ્યો મહિલાઓ છે.

### દેશ વિરુદ્ધ નફરત ફેલાવતા વીડિયો કે પોસ્ટ પર સકંજો કસાશે

। નવી દિલ્હી, તા.૪ ।

કેન્દ્ર સરકાર સોશિયલ મીડિયા પર દેશ વિરુદ્ધ નફરત ફેલાવનારાઓ પર સકંજો કસાશે. સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી વીડિયો કે પોસ્ટ શેર કરનારા લોકોની હવે બચી શકશે નહીં. અહેવાલો અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલય આ માટે નવી પૉલિસી લાવવાની તૈયારી કરી રહ્યું છે. રાષ્ટ્ર વિરોધી કાર્ય કરનારા હેન્ડલ્સને બ્લોક કરવામાં આવશે અને તેમની સામે કડક કાર્યવાહી થશે. સૂત્રોના જણાવ્યાનુસાર, ઘણી વેબસાઈટ્સ પર દેશ વિરુદ્ધ સામગ્રી પણ અપલોડ કરવામાં આવે છે.

### લલિત મોદી-વિજય માલિયા એકસાથે જોવા મળ્યા

# લંડનમાં લલિત મોદી-વિજય માલિયાએ સાથે કરી પાર્ટી

। (એજન્સી) લંડન, તા.૪ ।

લંડનમાં લલિત મોદી અને વિજય માલ્યાનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને એકબીજા સાથે ગીતો ગાતા જોવા મળે છે. બંનેએ ફ્રેંક સિનાત્રાનું પ્રખ્યાત ગીત 'And now, the end is near.' ગાયું હતું. આ વીડિયો લલિત મોદીએ પોતે સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, ત્યારબાદ તે ઈન્ટરનેટ પર વાયરલ થયો હતો.

આ પાર્ટીમાં ૩૧૦ થી વધુ મહેમાનો હાજર રહ્યા હતા, જેમાં આંતરરાષ્ટ્રીય મહેમાનો અને ક્રિકેટર ક્રિસ ગેલનો પણ



સમાવેશ થાય છે. લલિત મોદી, જે IPLમાં નાણાકીય ગેરરીતિઓના આરોપો બાદ ૨૦૧૦ માં ભારત છોડીને ભાગી ગયો હતો. તે FEMA અને મની લોન્ડરિંગના કેસમાં ભારતમાં વોન્ટેડ છે. વિજય માલ્યા ૨૦૧૬ માં ભારત છોડીને ગયો હતો. તેમની કંપની કિંગફિશર એરલાઈન્સ પડી ભાંગી છે. તેમના પર બેંક છેતરપિંડી અને ૯૦૦ કરોડ રૂપિયાના IDBI લોનનો આરોપ છે. ભારતે બંનેના પ્રત્યાર્પણની માંગ કરી છે, પરંતુ તેઓ હજુ પણ બ્રિટનમાં કાનૂની આશ્રય ભોગવી રહ્યા છે. ભારતમાં તેમને ભાગેડુ ગુનેગાર જાહેર કરવામાં આવ્યા છે. બ્રિટનની હાઈકોર્ટે નાદારીના આદેશ સામે માલ્યાની અપીલ ફગાવી દીધી હતી. મોદીએ કહ્યું હતું કે, તેમની સામેના કેસ રાજકીય રીતે પ્રેરિત છે. વિજય માલ્યાએ સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે, મારી ૧૪,૧૩૧ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી છે, જે મારા પર બાકી દેવા કરતાં ઘણી વધારે છે.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



## પોક્સો, બાળલગ્નના જામનગરના આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

માત્ર ૧૩ વર્ષની સગીરા સાથે લગ્ન કરવા અને શારીરિક સંબંધો બાંધવાના ગુનાના આરોપી ૨૬ વર્ષીય યુવકને હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. આરોપી વિરૂદ્ધ પોક્સોના કાયદા અને બાળલગ્નના ગુનામાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં તેણે જામીન મેળવવા કરેલી અરજીને હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી હતી. આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૨૪માં જામનગર પોલીસ સ્ટેશનમાં કેટલાક આરોપીઓ સામે BNS, POCSO અને બાળ લગ્ન પ્રતિબંધ કાયદા અંતર્ગત ફરિયાદ નોધાઈ હતી. આ કેસમાં ૨૬ વર્ષીય યુવકે ૧૩ વર્ષની સગીરા સાથે લગ્ન કરીને તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. જામનગરની કોર્ટે આરોપીના જામીન નકારતા તેણે હાઈકોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી. જે અરજીને ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે ૨૫ હજારના બોન્ડ ઉપર શરતી જામીન આપ્યા હતા. અરજદાર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કેસમાં તે ખુદ પીડિત છે. તે નવેમ્બર-૨૦૨૪થી જેલમાં છે. તેની ઉપર અગાઉ કોઈ ગુના નોંધાયેલા નથી. પીડિતા સગીર વયની હોવાની તેને ખબર નહોતી. આ કેસમાં સગીરાની માતા પણ આરોપી છે.

## ૨૫ વર્ષનો દીકરો કમાતો નહોતો, પિતાએ ગળે ટૂંપો આપ્યો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૪ ।

હળવદ તાલુકાના ચરાડવા ગામમાં એક પિતાએ કામ-ધંધો ન કરતા પુત્રની હત્યા કરી દીધાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આરોપી દેવજીભાઈ કરસનભાઈ સોલંકીએ તેના ૨૫ વર્ષીય બેરોજગાર પુત્ર મનોજની દોરી વડે ગળું દબાવીને હત્યા કરી છે. બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈએ કાકા વિરૃદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી.ચરાડવા ગામમાં દેવજીભાઈ કરસનભાઈ સોંલકી (ઉ.વ.૫૨) અને તેનો પુત્ર મનોજભાઈ સોલંકી (ઉ.વ.૨૫) એકલા રહે છે. મનોજભાઈ સોલંકી કોઈ કામ-ધંધો કરતો ન હતો. આ કારણે તેના પિતા દેવજીભાઈ કરસનભાઈ સોંલકી સાથે વારંવાર ઝઘડા થતા હતા. ગઈકાલે પણ પિતા-પુત્ર વચ્ચે કામધંધે ચઢવા બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન દેવજીભાઈએ દોરી વડે મનોજનું ગળું દબાવી દીધું હતું, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. દેવજીભાઈ પુત્રની હત્યા કરી આસપાસના લોકોને જાણ કરી હતી. પાડોશમાં રહેતા લોકોના જાણવ્યા અનુસાર મનોજને પિતા દેવજીભાઈ સાથે બોલાચાલી થઇ હતી અને મનોજને બેભાન હાલતમાં ચરાડવા સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં સરકારી ડોકટરે મૃત જાહેર કર્યો હતો. મનોજના ગળાના ભાગે દોરીથી ગળે ટુંપો લાગેલ

### વિશ્વની સૌથી પ્રાચીન માર્શલ આર્ટ્સનું વડોદરામાં નિઃશુલ્ક શિક્ષણ

## કલારી માર્શલ આર્ટ્સ માસ્ટર કિશોરભાઈ ચુડાસમા વડોદરામાં મહિલા સશક્તિકરણને આપી રહ્યા છે વેગ

। (માહિતી) વડોદરા, તા.૪ ।

કલારી માર્શલ આર્ટ્સ – આ શબ્દ આપણા ગુજરાતીઓ માટે કદાચ નવો હશે. પરંતુ 'કુંગ ફૂ' શબ્દથી આપણે સૌ પરિચિત છીએ. હવે આ 'કુંગ ફૂ' જેવી ઘણી આધુનિક માર્શલ આર્ટ્સનો વિકાસ જેમાંથી થયો છે, તે કલારી માર્શલ આર્ટ્સ કે જેને કલારીપયટ્ટુ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે શબ્દથી પરિચિત થવાની આપણને સૌને જરૂર છે. ભારતના દક્ષિણ રાજ્ય કેરળમાં ઉદ્ભવેલી આ યુદ્ધ કળા અથવા તો સ્વ બચાવ કૌશલ્ય માટેની તાલીમ કહો કે જેને 'તમામ માર્શલ આર્ટ્સની માતા' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે તાલીમ મુંબઈના ગુરુ વડોદરામાં નિઃશુલ્ક આપી રહ્યા છે. પરંપરાગત રીતે, આ માર્શલ આર્ટ્સ પુરૂષોને શીખવાડવામાં આવતી હતી. પરંતુ હવે મહિલાઓને પણ આ કળા શીખવવામાં આવે છે. વડોદરામાં ૫૬ વર્ષના કિશોરભાઈ ચુડાસમા આ



અત્યંત ઉપયોગી અને પ્રાચીન કળા ફ્રીમાં શીખવાડીને વડોદરાની મહિલાઓને સ્વ-બચાવ કૌશલ્યની તાલીમ આપવાની સાથે મહિલા સશક્તિકરણનું પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે. તેમના આ ઉમદા કાર્યમાં તેમના પુત્રવધુ હરદીપબેન પણ જોડાયા છે.

હરદીપબેને પણ તેમના સસરા પાસેથી એક વર્ષમાં આ કળા શીખીને તેમાં પારંગત થઈને મહિલાઓને આત્મરક્ષણ માટેની તાલીમ આપવાના યજ્ઞને પ્રજ્વલિત રાખી રહ્યા છે. હવે તેઓ પણ યુવતીઓને સશક્ત અને આત્મરક્ષા માટેની તાલીમ આપે છે.

આમ તો કિશોરભાઈનો પરિવાર મુંબઈમાં સ્થાયી થયો છે, પરંતુ વ્યવસાયિક કારણોસર હરદીપબેન તેમના પતિ સાથે વડોદરામાં સ્થાયી થયા છે. કિશોરભાઈ ચુડાસમા એક નિષ્ણાંત કલારી ગુરુ છે. મુંબઈમાં સફળતા પૂર્વક વર્ગો ચલાવ્યા પછી તેમણે હવે આ ઉમદા કાર્ય વડોદરામાં શરૂ કર્યો છે. આ માટે તેમણે તાજેતરમાં જ વડોદરામાં ત્રણ દિવસીય શિબિરનું પણ આયોજન કર્યું હતું. ટૂંક સમયમાં તેઓ સંપૂર્ણ ક્લાસ પણ શરૂ કરશે, જેથી વડોદરાની વધુ મહિલાઓ તેનો લાભ લઈને વિશ્વની સૌથી પ્રાચીન માર્શલ આર્ટ્સ શીખી શકે અને આત્મરક્ષણ થકી મહિલા સશક્તિકરણને વધારે વેગવંતુ બનાવવામાં પોતાનું યોગદાન આપી શકે. આ તાલીમ અંગે કલારી ગુરુ કિશોરભાઈ ચુડાસમા જણાવે છે કે, મહિલાઓ સાથે દુર્વ્યવહાર ના થાય અને એકલતા કે અંતરિયાળ પરિસ્થિતિમાં જેને અબળા નારી સમજવાની ભૂલ કરે છે.

## જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના હસ્તે ૧૫ શિક્ષણ સહાયકોને નિમણૂકપત્રો એનાયત કરાયા



। (માહિતી) સુરત, તા.૪ ।

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીય કૃત ભરતીમાં પસંદગી પામેલા સુરત જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગના ફાળવણી કરેલા ૧૬ પૈકી ૧૫ શિક્ષણ સહાયકોને જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારઘીના હસ્તે નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જિલ્લા કચેરી કચેરી ખાતે આયોજીત કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. ભગીરથસિંહ પરમાર તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરતના વહીવટી અધિકારીશ્રી, શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, મુખ્ય કારકૂન અને વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

### કણભા વિસ્તારમાં યુવકે સગીરના ઘરમાં ઘૂસીને છેડતી કરી હતી

## અઘટિત માગણીને તાબે ન થતાં સગીરાની હત્યાનો પ્રયાસ કરનારાને સાત વર્ષની કેદ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

કણભા વિસ્તારમાં રહેતી સગીરાએ અઘટિત માગણીને તાબે થવા ઈનકાર કરતા યુવકે તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ કેસમાં ગ્રામ્ય પોક્સો કોર્ટના જજ બી.જી. અવસ્થીએ આરોપી યુવકને ૭ વર્ષની કેદની સજા ફટકારી છે. કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, આ કેસમાં રજૂ થયેલા પુરાવા ધ્યાને લેવાની સાથે પીડિતાની જુબાની ધ્યાને લેતા આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે, આરોપીના તાબે ન થતા યુવકે બે વખત પ્રહાર કરી તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો ત્યારે આવા આરોપીઓ સામે દયા ન દાખવી શકાય.કણભા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા ૧૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ઘરે એકલી હતી ત્યારે તેમના જ વિસ્તારમાં રહેતો હિરલ જગદીશભાઈ વાઘેલા તેના ઘરમાં ઘૂસી આવ્યો હતો. ત્યારબાદ સગીરાની છેડતી કરવા લાગ્યો હતો અને અઘટિત માગણી કરવા લાગ્યો હતો. જો કે, સગીરાએ ઈનકાર કરી દીધો હતો ત્યારે હિરલ ઉશ્કેરાઈ ગયો હતો અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આમ છતાં સગીરા તેને વશ ન થતા બાજુમાં પડેલી છરી વડે બે વખત તેના પર હુમલો કર્યો હતો. જેમાં સગીરા લોહીલુહાણ થઈ ગઈ હતી. તકનો લાભ લઈ આરોપી હિરલ પલાયન થઈ ગયો હતો. આ મામલે કણભા પોલીસે ફરિયાદ નોંધી આરોપીને બીજા દિવસે ઝડપી લઈ તેની સામે ગ્રામ્ય કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. આ કેસમાં સરકારી વકીલ ભરતસિંહ સી. રાઠોડે પૂરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરતા કોર્ટને જણાવ્યું હતું કે, ગંભીર પ્રકારનો ગુનો છે, આરોપીના વશ ન થનાર સગીરાની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, આરોપી સામે આખોય કેસ પુરવાર થાય છે, સગીરા સહિતના સાક્ષીઓએ આરોપીને ઓળખી બતાવ્યો છે, ત્યારે સમાજમાં દાખલો બેસે અને આવા આરોપીઓમાં કાયદાનો ભય રહે તે હેતુને ધ્યાને રાખી આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. બીજી તરફ, આરોપી તરફે ઓછી સજા કરવા રજૂઆત કરવામાં આવી હતી.બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીને સાત વર્ષની સજા ફટકારી જેલના હવાલે મોકલી આપ્યો હતો.

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૨ જિલ્લામાં વર્ષા

### છેલ્લા ૨૪ કલાકમાં તાપી જિલ્લાના વલોદ, સુરતના ઉમરપાડા અને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં ૫ ઇંચ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૨ જિલ્લાના ૧૬૨ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં સૌથી વધુ ૮.૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, મહેસાણાના વિજાપુર તેમજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને દાંતીવાડા તાલુકામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં તાપી જિલ્લાના વલોદ, સુરતના ઉમરપાડા અને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં ૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત સુરતના મહુવા, સાબરકાંઠાના વડાલી અને ડાંગના સુબીર તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ તેમજ તાપીના વ્યારા અને ડોલવણ, સાબરકાંઠાના હિંમતનગર તથા ખેડાના કઠલાલ અને કપડવંજ તાલુકામાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. વધુમાં, રાજ્યના ૧૦ તાલુકામાં બે ઈંચથી વધુ, ૧૩ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે ૧૨૪ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. આજે, તા. ૦૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ જ્યારે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આજે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગ દ્વારા આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું. હવામાન વિભાગ દ્વારા આજે કચ્છ, પાટણ અને મહેસાણા જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરાયું છે. આ સાથે આજે ગાંધીનગર, અરવલ્લી, મહીસાગરમાં ભારે વરસાદ પડી શકે છે. અમરેલી, ભાવનગર અને સુરતમાં પણ આજે યલો એલર્ટ જાહેર કરાયું છે. આ સાથે તાપી, નવસારી અને ડાંગમાં પણ ભારે વરસાદ પડી શકે છે તો વલસાડ, દમણ, દાદરા નગરહવેલીમાં પણ આજે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ડાંગ જિલ્લામાં બે દિવસથી અવિરત વરસાદ છે. ડાંગ જિલ્લાની ઓળખ સમાન ગીરાધોધ પોતાના અસલ મિજાજમાં છે. પ્રવાસીઓને ગીરાધોધ પાસે જવાની મનાઈ ફરમાવતો હુકમ જાહેર કરવામાં આવ્યો છે. તથા જિલ્લાની અંબિકા, પૂર્ણા, ગીરા અને ખાપરી નદીઓમાં ઘોડાપુર આવ્યું છે. તેમજ અનેક કોઝવે ઉપર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો છે. જિલ્લામાં કોઝવે ઉપર પાણી ફરી વળતા ૨૦ થી વધુ ગામો સંપર્ક વિહોણા થયા છે. તથા સાપુતારા વઘઇ મુખ્ય માર્ગ ઉપર ઠેર ઠેર ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે.

## સાયબર ક્રાઈમને નાથવા બનશે રાજ્યનું પહેલું સાયબર એક્સલન્સ સેન્ટર

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

રાજ્યમાં વધી રહેલી ટેક્નોલોજી અને ઈન્ટરનેટની સુવિધાની સાથે સાથે ડિજિટલ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં પણ એકદમ ઉછાળો આવ્યો છે. જેને નાથવા માટે ગુજરાત સરકાર એક મહત્વકાંક્ષી પગલું ભરવા જઈ રહી છે. જે અંતર્ગત ગાંધીનગરમાં રૂ. ૩૦૦ કરોડના ખર્ચે આધુનિક ટેકનોલોજીથી સજ્જ ''સાયબર એક્સલન્સ સેન્ટર''ની સ્થાપનાની સૈદ્ધાંતિક મંજૂરી ગૃહ વિભાગે આપી છે. વિશેષ માહિતી મુજબ, રાજ્યના ગૃહ વિભાગ દ્વારા રાજ્ય વિધાનસભામાં રજૂ થયેલા બજેટમાં સાયબર એક્સલન્સ સેન્ટરની આ યોજનાનો ઉલ્લેખ કરાયો હતો. આ સેન્ટર રાજ્યની રાજધાની ગાંધીનગરમાં સ્થપાશે, જ્યાંથી સમગ્ર ગુજરાતમાં થઈ રહેલા સાયબર ગુનાઓ પર નજર રાખવા તેમજ તેમની ઝડપી તપાસ માટે તંત્ર કાર્યરત રહેશે. સાઈબર એક્સલન્સ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ સાયબર ક્રાઈમ સામે ઝડપી તપાસ, ડિજિટલ ફોરેન્સિક એનાલિસિસ, મેલવેર ડિટેક્શન, ક્રિપ્ટો-ફ્રોડ તપાસ, ડાર્ક વેબ મોનીટરીંગ જેવી વિશિષ્ટ કામગીરી કરવો છે. આ સેન્ટર હેઠળ કુલ ૧૧ વિશિષ્ટ યુનિટ કાર્યરત થશે. જેમ કે.. ડિજિટલ ફોરેન્સિક લેબ, ડાર્ક વેબ એનાલિસિસ વિભાગ, ક્રિપ્ટો કરન્સી એનાલિસિસ, મેલવેર ડિટેક્શન યુનિટ, બિગ ડેટા અને છૈં આધારિત ઈન્ફર્મેશન એનાલિસિસ, સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ, એથિકલ હેકિંગ અને ટ્રેનિંગ યુનિટ.

ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા અનુસાર, આ સેન્ટરમાં ઉમેદવારોને તેમના ટેકનિકલ શિક્ષણ અને અનુભવના આધારે પસંદ કરવામાં આવશે.

## રોકાણકારોની સંખ્યાએ એક કરોડનો આંકડો પાર કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ભારતીય શેરબજારમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. ઘણા લોકો નિયમમિત રોકાણ કરીને સારી આવક પણ મેળવી રહ્યા છે. નિફ્ટીના ડેટા મુજબ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પછી, હવે ગુજરાતે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરી લીધો છે. મે ૨૦૨૫ સુધીના ડેટા મુજબ, ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ભારતમાં શેરબજારમાં જોડાનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. ગુજરાત હવે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરનાર ત્રીજું રાજ્ય બન્યું છે. આ માહિતી નેશનલ સ્ટોક એક્સચેન્જના ડેટા પરથી પ્રાપ્ત થઈ છે. મે ૨૦૨૫ સુધીના NSE ડેટા દર્શાવે છે કે ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ફક્ત મે મહિનામાં જ ૧૧ લાખથી વધુ નવા રોકાણકારો જોડાયા. આ ૯ ટકાનો માસિક વધારો દર્શાવે છે, જે નવી નોંધણીઓમાં સતત ચાર મહિનાના ઘટાડા પછી મજબૂત ઉછાળો દર્શાવે છે. પ્રદેશવાર જોઈએ તો, ઉત્તર ભારત ૪.૨ કરોડ નોંધાયેલા રોકાણકારો સાથે ટોચ પર છે, જ્યારે પશ્ચિમ ભારતમાં ૩.૫ કરોડ રોકાણકારો છે.

# મતદારયાદી સુધારણા અંગે અમદાવાદ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજિત કુમારની ઉપસ્થિતીમાં ધારાસભ્યશ્રીઓનો સેમિનાર યોજાયો

### અમદાવાદ ઝોનમાં સમાવિષ્ટ પાંચ જિલ્લા અમદાવાદ, સુરેન્દ્રનગર, ખેડા, આણંદ અને મહીસાગર જિલ્લાના ધારાસભ્યશ્રીઓ રહ્યા ઉપસ્થિત

। (માહિતી) અમદાવાદ ।

મતદારયાદી સુધારણા અંગે અમદાવાદ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી સુજિત કુમારની ઉપસ્થિતીમાં ધારાસભ્યશ્રીઓનો સેમિનાર યોજાયો હતો. ગુજરાત યુનિવર્સીટીના અટલ-કલામ બિલ્ડીંગના ઓડીટોરીયમ હોલ-૧ ખાતે યોજાયેલ આ સેમિનારમાં અમદાવાદ ઝોનમાં સમાવિષ્ટ અમદાવાદ, સુરેન્દ્રનગર, ખેડા, આણંદ અને મહીસાગર જિલ્લાના ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મતદારયાદી સંદર્ભે માનનીય ધારાસભ્યશ્રીઓના વિશાળ લોકસંપર્ક અને અનુભવોના આધારે તેમની સાથે વિસ્તૃત ચર્ચા- વિચારણા કરી તેમના રચનાત્મક સૂચનો દ્વારા મતદારોના પ્રશ્નોના નિકાલ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

આ સેમિનારમાં સ્વાગત પ્રવચન કરતાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કરે જણાવ્યું કે, જાહેર હિસાબ સમિતિ (PAC) ની બેઠકમાં થયેલ ભલામણ અનુસાર ધારાસભ્યશ્રીઓ માટે ઝોનવાર સેમિનારનું





આયોજન કરવા સૂચન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજે અમદાવાદ ઝોનમાં સમાવિષ્ટ પાંચ જિલ્લાના જનપ્રતિનિધિઓ માટે મતદારયાદી સુધારણ અંગેનો સેમિનાર યોજાવામાં આવ્યો છે. આ સેમિનારમાં બૂથ લેવલ ઓફિસર (BLO) અને બૂથ લેવલ એજન્ટ (BLA) ની કામગીરી અને તેમના સાથે સંકલન, મતદાન મથક પુનઃગઠનમાં ૧૨૦૦ સુધીના મતદારો હોય એ હિતાવહ છે તે સહિતના મુદ્દાઓની વિગતવાર ચર્ચાનું આયોજન કરાયું છે.

ચૂંટણીના માસ્ટર ટ્રેનર અને સાણંદ પ્રાંત અધિકારીશ્રી ડી. બી. ટાંકે જણાવ્યું કે, ચૂંટણીની સફળતાનો મુખ્ય આધાર મતદાનના દિવસે શાંતિપૂર્ણ મતદાન યોજાય એ છે. ચૂંટણીમાં મતદાન સારી રીતે થાય એ માટે મતદારયાદી ક્ષતિ રહિત હોવી જોઈએ. ચૂંટણી મુક્ત, ન્યાયી અને તટસ્થ રીતે યોજવા બૂથ લેવલ ઓફિસર (BLO) ની ભૂમિકા ખુબ જ અગત્યની છે એમ જણાવી તેમણે BLO ની કામગીરીની વિગતવાર માહિતી આપી હતી. મતદારયાદીને અદ્યતન રાખવાની જવાબદારી બૂથ લેવલ ઓફિસર (BLO) હોય છે એની અગત્યતા સમજીને ચૂંટણી આયોગની સૂચના પ્રમાણે BLO ને ૫૦-૫૦ ના ગ્રુપ માં તાલીમ આપીને સજ્જ કરાશે. તેમણે બૂથ લેવલ એજન્ટ (BLA-1) અને (BLA-2) ની નિમણુંક અને કાર્યપદ્ધતિની માહિતી આપી BLO સાથે સંકલન સાધવા પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યું કે, BLO દ્વારા ઘરે ઘરે ફરીને મતદારોની મુલાકાત લઈ મતદારયાદીની ચકાસણી કરવામાં આવે છે. મતદાન મથકનું પુનઃગઠનમાં શક્ય હોય ત્યાં સુધી મતદારના રહેણાંક વિસ્તારથી મતદાન મથક ૨ કિ.મી. દૂર ન હોવું જોઈએ અને ૨૦૦ મીટરના અંતરમાં કોઈ રાજકીય પક્ષનું કાર્યાલય ન હોવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

**મતદારયાદીમાં નામ દાખલ કરવા અને સુધારો કરવા માટે કયું ફોર્મ ભરશો ?**

મતદારયાદીમાં નામ દાખલ કરવા, નામ કમી કરવા અને સુધારો કરવા માટે આ ફોર્મ ભરીને મતદારયાદીમાં સુધારા-વધારા કરાવી શકાય છે. જેમાં ફોર્મ નં-૬ મતદારયાદીમાં પ્રથમ વખત નામ નોંધવવા, ફોર્મ નં- ૬-એ- વિદેશમાં વસતા ભારતીય નાગરિકે મતદાર તરીકે નોંધાવવા, ફોર્મ નં- ૬-બી આધાર નંબર સાથે લીંક કરવા માટે, ફોર્મ નં-૭ કોઈ મતદારનું અવસાન થવાથી/ પોતાનું નામ કમી કરાવવા માટે કે મતદારયાદીમાંના કોઈ મતદારના નામ સામે વાંધો લેવા માટે અને ફોર્મ નં- ૮ સ્થળાંતર થવાથી/ હાલની મતદાર યાદીમાં નોંધાયેલ વિગતોમાં સુધારો કરવા/ જુના મતદાર ફોટોઓળખપત્ર (EPIC)ને બદલે નવું કાર્ડ મેળવવા,/ દિવ્યાંગ મતદાર તરીકે ચિન્હીત કરવા માટે, ફોર્મ નંબર-9, 10, 11, 11A, 11B સહિતના ફોર્મની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ફ્લાઈટમાં મારામારી કરવા બદલ ધરપકડ । તેણે બાજુની સીટ પર બેઠેલા વ્યક્તિને એટલો ખરાબ રીતે માર્યો કે ફ્લાઈટમાંથી તેને ઉતારી મૂકવામાં આવ્યો

# ન્યુજર્સીમાં રહેતા ૨૧ વર્ષીય ઇશાન શર્માએ ફ્લાઇટમાં મારામારી કરી

। (એજન્સી) ન્યુજર્સી, તા.૪ । ન્યુ જર્સીમાં રહેતા ૨૧ વર્ષીય ઈશાન શર્માની ફ્લાઈટમાં મારામારી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના ફિલાડેલ્ફિયાથી મિયામી જતી ફ્રન્ટિયર એરલાઈન્સની ફ્લાઈટમાં બની હતી. ફ્લાઈટ ઉડાન ભરતાની સાથે જ, ઈશાને તેની બાજુમાં બેઠેલા કીનુ ઈવાન્સ નામના વ્યક્તિ પર કોઈ કારણ વગર હુમલો કર્યો હતો. મિયામી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા પછી, ઈશાનને પોલીસે કસ્ટડીમાં લીધો હતો. તેની સામે હુમલો કરવાનો કેસ નોંધવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, ફ્લાઈટમાં જ ઈશાન અને કીનુ વચ્ચે ઝઘડો થયો હતો. આ લડાઈમાં, ઈશાનની આંખ સોજી ગઈ અને તેની નેણ ઉપર એક ઈજા પણ થઈ હતી. આ ઉપરાંત, કીનુના ચહેરા પર પણ ઈજા થઈ હતી. આ આખી લડાઈનો એક વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક મુસાફર બૂમો પાડતો જોવા મળે છે - "તેને જવા દો, તેને છોડી દો," જ્યારે ક્રૂ મેમ્બર કહી રહ્યા હતા કે, "સાહેબ, તમારે બેસવું પડશે." વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, વિમાનની અંદર મારામારી થઈ રહી છે.





કીનુ ઈવાન્સે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ઈશાન કોઈ કારણ વગર વિચિત્ર વર્તન કરવા લાગ્યો હતો. તે અચાનક વિચિત્ર રીતે હસવા લાગ્યો અને ધમકી આપવા લાગ્યો હતો. ઈવાન્સે કહ્યું કે, "તે કહી રહ્યો હતો- 'હા હા હા, તું એક સામાન્ય વ્યક્તિ છે. જો તું મારી સાથે ટકરાઈશ, તો તારે મરવું પડશે'.

ઈવાન્સે કહ્યું કે, જ્યારે ઈશાનનું વર્તન વધુ વિચિત્ર બન્યું, ત્યારે તેણે ફ્લાઈટ ક્રૂને જાણ કરી હતી. ક્રૂએ કહ્યું કે, જો આવું ફરીથી થાય, તો હેલ્પ બટન દબાવજો. થોડા સમય પછી, ઈશાન ફરીથી તેની સામે આવ્યો અને તે ઈવાન્સની મોઢા પાસે આવીને તેને ડરાવવા લાગ્યો હતો. પછી તેણે ઈવાન્સનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યું હતું. ઈવાન્સે કહ્યું કે, "તે સમયે કાં તો હું પોતાને બચાવવાનો પ્રયાસ કરતો અથવા અન્ય કંઈ કરતોપ જોકે, મેં મારી જાતને બચાવી." ઝઘડા પછી, ઈશાન તેની સીટ પર પાછો ફર્યો અને વિચિત્ર રીતે હસવા લાગ્યો હતો. ચોંકાવનારી વાત એ હતી કે, તેણે તેના લોહીથી લથપથ ચહેરા સાથે સેલ્ફી પણ લીધી હતી. બાદમાં પોલીસ આવી અને તેને હાથકડી પહેરાવી અને વિમાનમાંથી ઉતારી લીધો હતો.

ડેઈલી મેઈલના અહેવાલ મુજબ, ઈશાનને પહેલા જેક્સન વેસ્ટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો અને પછી કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. મંગળવારે કોર્ટમાં સુનાવણી થઈ હતી. ત્યાં ઈશાનના વકીલ રેની ગોર્ડને કહ્યું કે, તેનો ક્લાયન્ટ એક એવા ધર્મ સાથે સંકળાયેલો છે, જેમાં તે ધ્યાન કરી રહ્યો હતો. તેણે દાવો કર્યો કે, પાછળ બેઠેલા મુસાફરને ધ્યાન પસંદ નહોતું, તેથી જ ઝઘડો થયો હતો.

કોર્ટમાં, ન્યાયાધીશ ગેરાલ્ડ હબર્ટે આ દલીલ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. તેમણે ઈશાનના જામીન $500 નક્કી કર્યા અને સ્ટે-અવે ઓર્ડર જારી કર્યો હતો. આ મુજબ, ઈશાન હવે કીનુ ઈવાન્સ સાથે સંપર્કમાં આવી શકશે નહીં, ન તો તે તેની શાળા કે, ઓફિસની નજીક જઈ શકશે. કીનુ ઈવાન્સે મીડિયા સાથે વાતમાં કહ્યું કે, "હું નથી ઈચ્છતો કે લોકો મને ખોટો સમજે.

હું એક સારો વ્યક્તિ છું. મેં તાજેતરમાં જ બાપ્તિસ્મા લીધું છે. મને એકમાત્ર અફસોસ એ છે કે, મેં ક્રૂને તેમની સીટ બદલવા માટે આગ્રહ ન કર્યો."

## અમે જીત્યાં તો બાંગ્લાદેશમાં તાલીબાનીઓ જેવું શાસન, શરિયત કાયદો લાવીશું

। (એજન્સી) ઢાકા, તા.૪ । બાંગ્લાદેશના કટ્ટરપંથી ઈસ્લામી સંગઠન જમાત-ચર મોંઈના પ્રમુખ પીર મુફ્તી સૈયદ મુહમ્મદ ફૈઝુલ કરીમે એક ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ એલાન કર્યું છે કે, જો અમારી પાર્ટી સત્તામાં આવશે તો અમે તાલિબાન શાસિત અફઘાનિસ્તાનની જેમ દેશમાં શરિયત કાયદો લાગુ કરીશું. અમેરિકા સ્થિત એક બાંગ્લા મીડિયા સંસ્થાના સંપાદકને આપેલા ઈન્ટરવ્યુમાં ફૈઝુલ કરીમે કહ્યું કે, જો રાષ્ટ્રીય ચૂંટણી જીતીને સરકાર બની તો ઈસ્લામિક મૂવમેન્ટ બાંગ્લાદેશ દેશમાં શરિયત કાયદો લાગુ કરીશું. ફૈઝુલ કરીમે અફઘાનિસ્તાનના વર્તમાન શાસન વ્યવસ્થાની પ્રશંસા કરતા કહ્યું કે, અમે અફઘાનિસ્તાનની શાસન વ્યવસ્થાને અપનાવીશું. તાલિબાન સરકારે જે સારું કર્યું છે તેને અમે અમલમાં મૂકીશું. જો અમે સત્તામાં આવીશું તો હિન્દુઓ સહિત તમામ લઘુમતીઓને શરિયત હેઠળ અધિકારો આપવામાં આવશે. ફૈઝુલ કરીમે એ પણ કહ્યું કે, અમેરિકા, બ્રિટન અને રશિયા જેવા દેશોની કેટલીક સારી બાબતો હશે તો તેને પણ અપનાવવામાં આવશે. જોકે, તેમણે એ સ્પષ્ટ કર્યું કે, તે બાબત શરિયતના વિરોધમાં ન હોવી જોઈએ.જમાત-ચર મોંઈ જેવા સંગઠનોનું ખુલ્લેઆમ ચૂંટણી લડવું અને શરિયત લાગુ કરવાની વાત કરવી, તે એ દર્શાવે છે કે બાંગ્લાદેશની વચગાળાની સરકાર દરમિયાન ઈસ્લામિક કટ્ટરપંથી સંગઠનો રાજકીય રીતે સક્રિય થઈ રહ્યા છે.

## બિહારમાં ભાજપના મંત્રી નકલી દવાના કેસમાં દોષિત ઠર્યા

। (એજન્સી) પટણા, તા.૪ । બિહારની નીતિશ સરકારમાં ભાજપના મંત્રી જીવેશ કુમાર નકલી દવા કેસમાં દોષિત જાહેર થયા હતા. હવે વિપક્ષે તેમની સામે મોરચો માંડ્યો છે. કોંગ્રેસે મંત્રી જીવેશ કુમારના રાજીનામાની માંગ કરી છે. રાજસ્થાનની રાજસમંદ કોર્ટે ગયા મહિને તેમને ૧૫ વર્ષ જૂના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. જો કે, બાદમાં તેમને ૭૦૦૦ રૂપિયા દંડ ભરવા અને સારું વર્તન જાળવવાની શરતે મુક્ત કરાયા હતા. અહેવાલો અનુસાર, બિહારના શહેરી વિકાસ મંત્રી જીવેશ કુમારના રાજીનામાની માંગ કરતા, કોંગ્રેસ મીડિયા સેલના અધ્યક્ષ રાજેશ રાઠોડે કહ્યું કે, ભાજપે જીવેશ કુમારને તાત્કાલિક પાર્ટીમાંથી હાંકી કાઢવા જોઈએ. તેમના નકલી દવા નેટવર્કની તપાસ થવી જોઈએ. પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવે પણ મુખ્યમંત્રી નીતિશ કુમારને જીવેશ મિશ્રાને બરતરફ કરવાની માંગ કરી છે. રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના વડા લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્યએ પણ નીતિશ સરકાર પર સવાલ ઉઠાવ્યા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને લખ્યું, આ એક લાચાર અને અચેત મુખ્યમંત્રીની સરકાર છે. એક નકલી દવાનો વેપારી પણ હજુ પણ મંત્રીની ખુરશી પર છે. નીતિશ કુમારને ખુરશી સાથે વળગી રહેવાની આદત છે, તેથી તે કંઈ કહેવાની હિંમત પણ કરી શકતા નથી, એક સાબિત થયેલા દોષિત મંત્રીને કેબિનેટમાંથી દૂર કરવાની તો વાત જ નહીં.

### કંપનીને પાકિસ્તાનથી મોહભંગ થઈ ગયો

# માઈક્રોસોફ્ટે પાકિસ્તાનમાંથી પોતાનો કારોબાર સમેટી લીધો

### કંપનીના પૂર્વ કર્મચારી જાવ્વાદ રહેમાને જાણકારી આપી છે કે, માઈક્રોસોફ્ટે પાકિસ્તાનથી બિઝનેસ સમેટી લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ । દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટે પાકિસ્તાનમાંથી પોતાનો કારોબાર સમેટી લીધો છે. માઈક્રોસોફ્ટે ૭ માર્ચ ૨,૦૦૦ના રોજ પાકિસ્તામાં પોતાનો કારોબાર શરૂ કર્યો હતો અને ૩ જુલાઈ ૨૦૨૫ના રોજ તેના સંચાલનને પૂરી રીતે બંધ કરી દીધો છે. એટલે કે, ૨૫ વર્ષોમાં જ કંપનીને પાકિસ્તાનથી મોહભંગ થઈ ગયો છે. જો કે, આ મહત્વપૂર્ણ નિર્ણય પર માઈક્રોસોફ્ટ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યુ નથી. કંપનીના પૂર્વ કર્મચારી જાવ્વાદ રહેમાને જાણકારી આપી છે કે, માઈક્રોસોફ્ટે પાકિસ્તાનથી પોતાનો બિઝનેસ સમેટી લીધો છે. રહેમાન ૨૦૦૦થી ૨૦૦૭ સુધી કંપની સાથે જોડાયેલા રહ્યા હતા અને પાકિસ્તાનમાં માઈક્રોસોફ્ટને સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. એક્સપર્ટ્સનું કહેવું છે કે, માઈક્રોસોફ્ટે રાજનૈતિક અસ્થિરતા અને આર્થિક અનિશ્ચિતતાને જોતા પાકિસ્તાન છોડવું જ યોગ્ય સમજ્યું. વારંવાર સરકાર બદલવી, સતત બગડતી કાનૂની-વ્યવસ્થા, અસ્થિર મુદ્રા, ઊંચા ટેક્સ રેટ અને જટિલ વેપાર નીતિઓએ બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે પાકિસ્તામાં કામ કરવું મુશ્કેલ બનાવી દીધું છે. માઈક્રોસોફ્ટ પણ આ પડકારોથી બચી નથી શક્યું. કંપની માટે તેના ટેકનોલોજી સાધનો અને નફાને પાકિસ્તાન પહોંચાડવાનું મુશ્કેલ બની ગયું હતુ. આર્થિક મોરચા પર પણ પાકિસ્તાન ઘેરાયેલું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં પાકિસ્તાનની નિકાસ લગભગ ૩૮.૯ અબજ ડોલર રહી, જ્યારે આયાત ૬૩.૩ અબજ ડોલર સુધી પહોંચી ગઈ, જેનાથી ૨૪.૪ અબજ ડોલરની વેપાર ખોટ સામે આવી છે.

### ચૂંટણી પહેલા બિહારની રાજનીતિમાં મોટી હલચલ

# ચિરાગ પાસવાને કહ્યું DyCM અમારી પાર્ટીમાંથી બનવા જોઈએ

### નીતીશ કુમાર પાસે બિહારને આગળ લાવવાનો અનુભવ : ચિરાગ

। (એજન્સી) પટણા, તા.૪ । બિહારમાં આ વર્ષે યોજાનાર વિધાનસભા ચૂંટણીને લઈને ભારે રાજકારણ શરૂ થઈ ગયું છે. અગાઉ ચૂંટણી પછી એનડીએમાંથી મુખ્યમંત્રી કોને બનાવવા, તેના પર રાજકારણ ચાલ્યું હતું, ત્યારે હવે નાયબ મુખ્યમંત્રી પદ માટે રાજકારણ શરૂ થઈ ગયું છે. ચૂંટણી પછી નીતીશ કુમારને જ મુખ્યમંત્રી બનાવવા પર મહોર વાગી ગઈ છે, ત્યારે હવે ચિરાગ પાસવાને નાયબ મુખ્યમંત્રી પદ માટે દાવો કરી એનડીનું ટેન્શન વધારી દીધું છે. NDA તરફથી જનતા દળ યુનાઈટેડના પ્રમુખ નીતીશ કુમારને મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરાયા છે, જ્યારે મહાગઠબંધન તરફથી તેજસ્વી યાદવ મુખ્યમંત્રીનો ચહેરો બનવા માંગી રહ્યા છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે 'લોક જનશક્તિ પાર્ટી રામવિલાસ'ના પ્રમુખ ચિરાગ પાસવાને દ્રઢ્ઢછ પાસે મોટી માંગણી કરી છે. ચિરાગે મુખ્યમંત્રી બનવાની ઈચ્છા વ્યક્ત કરી નથી, પરંતુ તેમની પાર્ટીમાંથી નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવે, તેવી માંગ કરી છે. કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને કહ્યું કે, 'પરિસ્થિતિ વગર મુખ્યમંત્રી પદ માટે કોઈ વેકેન્સી નથી. નીતીશ કુમાર પાસે બિહારને આગળ લાવવાનો અનુભવ છે. આવી સ્થિતિમાં ગઠબંધનમાં મુખ્યમંત્રી અંગે ચર્ચા કરવાની કોઈ સંભાવના નથી.' બિહાર વિધાનસભા ચૂંટણીમાં દ્રઢ્ઢછની સરકાર બનશે તો શું તમે નાયબ મુખ્યમંત્રી બનશો? આ સવાલના જવાબમાં પાસવાને કહ્યું કે, 'મને કોઈપણ પદની લાલચ નથી, નાયબ મુખ્યમંત્રી એક ગંભીર પદ છે. હું ઈચ્છું છું કે, બિહારમાં દિવસ-રાત જમીનસ્તરે મહેનત કરનાર મારી પાર્ટીનો કાર્યકર નાયબ મુખ્યમંત્રી બને.' ચિરાગ પાસવાનના નિવેદન બાદ ભાજપ પ્રવક્તા પ્રભાકર મિશ્રાએ પ્રતિક્રિયા આપી છે.






ત્રિનિદાદ અને ટોબેગોના વડાપ્રધાન દ્વારા આયોજિત રાત્રિભોજનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સોહરી પાન પર ભોજન પીરસવામાં આવ્યું.

### મથુરા શ્રી કૃષ્ણ જન્મભૂમિ કેસમાં હિન્દુ પક્ષને ઝટકો

## હાઈકોર્ટે ઈદગાહને વિવાદાસ્પદ માળખું તરીકે સ્વીકારવાનો ઇનકાર કર્યો

। (એજન્સી) મથુરા, તા.૪ । મથુરામાં સ્થિત શ્રી કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે મોટો નિર્ણય આપ્યો છે. કોર્ટે શાહી ઈદગાહને વિવાદિત માળખું માનવાનો ઈનકાર કર્યો છે. આ નિર્ણય જસ્ટિસ રામ મનોહર મિશ્રાની સિંગલ બેન્ચે સંભળાવ્યો હતો. કોર્ટે કહ્યું કે હાલના તથ્યો અને અરજીના આધારે, ઈદગાહને હાલમાં વિવાદિત માળખું જાહેર કરી શકાય નહીં. હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે શ્રી કૃષ્ણના જન્મસ્થળ પર સ્થિત પ્રાચીન મંદિરને તોડીને ઈદગાહ બનાવવામાં આવી હતી.

હિન્દુ પક્ષના વકીલ મહેન્દ્ર પ્રતાપ સિંહે ૫ માર્ચ, ૨૦૨૫ ના રોજ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં માંગ કરવામાં આવી હતી કે મથુરામાં શાહી ઈદગાહ મસ્જિદને વિવાદિત માળખું જાહેર કરવામાં આવે. આ અંગેની ચર્ચા ૨૩ મેના રોજ અલ્હાબાદ હાઈકોર્ટમાં પૂર્ણ થઈ હતી અને કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

હિન્દુ પક્ષ મહેન્દ્ર પ્રતાપ સિંહ એડવોકેટે મથુરાના કલેક્ટર એફએસ ગ્રુસને મસીર-એ-આલમ ગિરીના સમયમાં લખાયેલા ઈતિહાસના પુસ્તકોનો ઉલ્લેખ કરીને કોર્ટને જણાવ્યું હતું કે ત્યાં પહેલા એક મંદિર હતું, આજ સુધી શાહી ઈદગાહ મસ્જિદ પક્ષ કોર્ટમાં ત્યાં મસ્જિદનો કોઈ પુરાવો રજૂ કરી શક્યો નથી. ઉપરાંત, ન તો ખસરા ખતૌનીમાં મસ્જિદનું નામ ઉલ્લેખિત છે અને ન તો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેનો કોઈ રેકોર્ડ છે. ન તો કોઈ કર ચૂકવવામાં આવી રહ્યો છે. તેમનો દાવો છે કે શાહી ઈદગાહ મેનેજમેન્ટ કમિટી સામે વીજળી ચોરીનો રિપોર્ટ પણ દાખલ કરવામાં આવ્યો છે, તો પછી તેને મસ્જિદ કેમ કહેવાવી જોઈએ, આવી સ્થિતિમાં મસ્જિદને વિવાદિત માળખું જાહેર કરવી જોઈએ. ચર્ચા દરમિયાન ખાસ વાત એ હતી કે તમામ હિન્દુ પક્ષોએ મહેન્દ્ર પ્રતાપ સિંહની દલીલોને ટેકો આપ્યો હતો અને ૨૩ મેના રોજ આ કેસમાં ચર્ચા જજ રામ મનોહર નારાયણ મિશ્રાની કોર્ટમાં પૂર્ણ થઈ હતી. જેમાં મહેન્દ્ર પ્રતાપ સિંહે કોર્ટમાં કહ્યું હતું કે આ બધું ભારતીય પુરાતત્વ સર્વેક્ષણમાં સ્પષ્ટ થઈ જશે. કોર્ટ સમક્ષ કેસનું સ્વરૂપ રજૂ કરતાં તેમણે કહ્યું હતું કે ફક્ત કોઈની જમીન પર અતિક્રમણ કરવાથી તે જમીન તેની બની શકતી નથી. તેમણે કોર્ટને એમ પણ કહ્યું હતું કે અયોધ્યામાં રામ મંદિર અને બાબરી મસ્જિદનો કેસ મથુરામાં ભગવાન કૃષ્ણના જન્મસ્થળના કેસ જેવો જ છે. હિન્દુ પક્ષના મતે, અયોધ્યા કેસમાં નિર્ણય આપતા પહેલા કોર્ટે બાબરી મસ્જિદને વિવાદિત માળખું જાહેર કર્યું હતું, તેથી શાહી ઈદગાહ મસ્જિદને પણ વિવાદિત માળખું જાહેર કરવી જોઈએ. મહેન્દ્ર પ્રતાપ સિંહે કોર્ટને એ પણ માહિતી આપી હતી કે આ અંગેના તમામ પુરાવા રજૂ કરવામાં આવ્યા છે અને ભારત આવેલા તમામ વિદેશી પ્રવાસીઓએ કહ્યું હતું કે આ ભગવાનનું મંદિર છે. ત્યાં કોઈએ મસ્જિદ હોવાનો ઉલ્લેખ કર્યો નથી. કોર્ટમાં અન્ય હિન્દુ પક્ષકારો દ્વારા પણ મહેન્દ્ર પ્રતાપ સિંહની દલીલોને સમર્થન આપવામાં આવ્યું હતું.

### ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાની ચોંકાવનારી ઘટના

# શાળાના પહેલા દિવસે જ ૧૨ વર્ષના વિદ્યાર્થીનું રહસ્યમય મોત

### અખિલ સંપૂર્ણપણે સ્વસ્થ સ્થિતિમાં શાળાએ પહોંચ્યો હતો પરંતુ શાળાના ગેટ પાસે પહોંચતા જ તે ઢળી પડ્યો હતો

। (એજન્સી) બારાબંકી, તા.૪ । ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં પ્રતિષ્ઠિત સેન્ટ એન્થોની સ્કૂલમાં ૧૨ વર્ષીય વિદ્યાર્થી અખિલ પ્રતાપ સિંહનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નીપજ્યું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે ઉનાળાના વેકેશન પછી શાળા ખુલવાના પહેલા દિવસે મંગળવારે (પહેલી જુલાઈ) અખિલ સંપૂર્ણપણે સ્વસ્થ સ્થિતિમાં શાળાએ પહોંચ્યો હતો. પરંતુ શાળાના ગેટ પાસે પહોંચતા જ તે ઢળી પડ્યો હતો. અહેવાલો અનુસાર, મંગળવારે (પહેલી જુલાઈ) સવારે અખિલ તેના પિતા સાથે કારમાં શાળાએ આવ્યો હતો. કારમાંથી ઉતરીને બેગ લઈને શાળાના ગેટ તરફ જતાની સાથે જ તે અચાનક બેભાન થઈ ગયો. શાળા પ્રશાસન અને અન્ય સ્ટાફે તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ ગયા, પરંતુ તપાસ બાદ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. આ ઘટનામાં સાયલન્ટ એટેકને સંભવિત કારણ ગણવામાં આવી રહ્યું છે, જો કે, તબીબી દ્દષ્ટિકોણથી આટલી નાની ઉંમરે આવું થવું અત્યંત દુર્લભ છે. આ મામલે જિલ્લા હોસ્પિટલના જનરલ ફિઝિશિયન ડૉ. રાજેશ કુશવાહાએ જણાવ્યું હતું કે, હવે એવું જોવા મળી રહ્યું છે કે નાના બાળકોમાં પણ કેટલીક આંતરિક સમસ્યાઓ જોવા મળી રહી છે. અખિલને કઈ સ્વાસ્થ્ય સમસ્યા હોઈ શકે છે તે તપાસનો વિષય છે. સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ કરવા માટે વિગતવાર તબીબી તપાસ જરૂરી છે. ૧૨ વર્ષીય અખિલ પ્રતાપ સિંહના મૃત્યુથી સેન્ટ એન્થોની સ્કૂલમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્કૂલ પ્રશાસને શોક વ્યક્ત કર્યો છે અને એક દિવસની રજા જાહેર કરી છે. સાથે જ લોકો આ અણધારી ઘટના પાછળના કારણો વિશે પણ અનુમાન લગાવી રહ્યા છે. એક સ્વસ્થ બાળકે શાળામાં આવતાની સાથે જ પોતાનો જીવ કેવી રીતે ગુમાવ્યો? આ પ્રશ્ન દરેકના મનમાં છે. આ ઘટના માત્ર એક પરિવાર માટે ન ભરવાપાત્ર નુકસાન નથી.

### મરાઠી વિવાદમાં હિન્દુત્વની એન્ટ્રી

# ભાજપ નેતાએ ઠાકરેને ચેલેન્જ આપતા કહ્યું મુસ્લિમ વિસ્તારમાં જઈને બતાવો

### રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી નિતેશ રાણેએ જણાવ્યું કે, આ ઘટનાના દોષિતોને સજા મળશે

। (એજન્સી) મુંબઈ, તા.૪ । મહારાષ્ટ્રમાં હિન્દી-મરાઠી ભાષા મુદ્દે વિવાદ વધી રહ્યો છે. મરાઠી ભાષાનો મોરચો લઈને કેટલાક નેતાઓ-કાર્યકરો તથા અસામાજિક તત્વો મરાઠી ન બોલવા બદલ લોકોની ધોલાઈ કરી રહ્યા હોવાના અનેક બનાવો બની રહ્યા છે. મુંબઈમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરો દ્વારા એક દુકાનદાર પર મરાઠી ભાષા બોલવા દબાણ કર્યું હતું. તેમજ ન બોલવા પર તેની ધોલાઈ કરી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી નિતેશ રાણેએ જણાવ્યું કે, આ ઘટનાના દોષિતોને સજા મળશે. જેમણે પણ હિન્દુઓ પર હાથ ઉગામ્યો છે, તેમની વિરૂદ્ધ અમારી સરકાર કામ કરશે અને સજા અપાવશે. ઠાકરે બ્રધર્સ પર પ્રહાર કરતાં રાણેએ કહ્યું કે, તેમણે ભાષાના નામ પર ગરીબ હિન્દુઓ પર હુમલો કર્યો છે. ઠાકરે બંધુઓને મારો પડકાર છે કે, તેઓ મુસ્લિમો પાસે મરાઠીમાં અજાન પઢાવે. આ પ્રકારની તાકાત બતાવી જ હોય તો તેમણે નલ બજાર, ભિંડી બજાર, મોહમ્મદ અલી રોડ, બમ્બોરામાં જવુ જોઈએ. ત્યાંના લોકો મરાઠીમાં વાત કરતા નથી. તેઓ તો માત્ર ઉર્દૂમાં જ વાત કરે છે. રાણેએ આગળ કહ્યું કે,મુમરામાં જઈને કોઈ નથી કહેતું કે, મરાઠીમાં વાત કરો. મુમરા પણ આપણા મહારાષ્ટ્રમાં જ છે. શું તે પાકિસ્તાનમાં છે? જાવેદ અખ્તરને પણ કોઈ નથી કહેતું કે, તમે સ્ટેજ પર મરાઠીમાં શાયરી બોલો. ત્યારે બધા ચૂપ રહે છે. તો પછી હિન્દુઓને શા માટે ટાર્ગેટ કરી રહ્યા છે. ગરીબ હિન્દુઓને કેમ માર મારી રહ્યા છો. આવા લોકોને કેમ ખુલ્લા મુકવામાં આવ્યા છે? મહારાષ્ટ્રમાં ભાષા પર થઈ રહેલી રાજનીતિનો મુદ્દો વિવાદાસ્પદ બન્યો છે. મરાઠી સમાજ પણ આ પ્રકારની ઘટનાની નિંદા કરી રહ્યુ હોવાના અહેવાલો મળ્યા છે. આ પ્રકારના લોકો હિન્દુ રાષ્ટ્રને તોડવાનું કામ કરી રહ્યા હોવાનો આરોપો મૂકાયા છે.

## તંત્રી લેખ...

# અફઘાનિસ્તાનની તાલિબાન સરકારને માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો

રશિયાએ અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઔપચારિક રીતે માન્યતા આપવાની જાહેરાત કરી છે. રશિયન ફેડરેશનના રાજદૂત દિમિત્રી ઝિર્નોવ વિદેશમંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકીને મળ્યા. બેઠક દરમિયાન, રશિયન ફેડરેશનના રાજદૂતે અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાતને માન્યતા આપવાના તેમની સરકારના નિર્ણય વિશે સત્તાવાર રીતે માહિતી આપી. બેઠકમાં, ઝિર્નોવે ઔપચારિક રીતે માહિતી આપી કે રશિયન સરકારે અફઘાનિસ્તાનના 'ઈસ્લામિક અમીરાત' ને માન્યતા આપવાનો નિર્ણય લીધો છે.રશિયન વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'અમારું માનવું છે કે અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાતની સરકારને સત્તાવાર માન્યતા આપવાથી અમારા દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદક દ્વિપક્ષીય સહયોગના વિકાસને પ્રોત્સાહન મળશે.'આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે વિશ્વના મોટાભાગના દેશોએ હજુ સુધી તાલિબાનને સત્તાવાર સરકાર તરીકે માન્યતા આપી નથી. આ રશિયાની વિદેશ નીતિમાં એક મોટો વ્યૂહાત્મક પરિવર્તન માનવામાં આવે છે. તેમજ રશિયા અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઔપચારિક રીતે માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો છે. સંયુક્ત રાષ્ટ્ર અને યુરોપિયન યુનિયન જેવા સંગઠનોએ હજુ સુધી તાલિબાનને માન્યતા આપી નથી.રશિયન વિદેશ મંત્રાલયના આ ઐતિહાસિક નિર્ણય પછી, અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયે તેને એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું. તાલિબાનના વિદેશમંત્રી અમીર ખાન મુત્તાકીએ આ નિર્ણયને સ્વીકાર્યો અને તેને અન્ય દેશો માટે એક સારું ઉદાહરણ ગણાવ્યું. તાલિબાનના વિદેશ મંત્રાલયે કહ્યું, 'રશિયન રાજદૂતે અફઘાનિસ્તાનની વર્તમાન સરકારને સત્તાવાર રીતે માન્યતા આપવાના નિર્ણયની જાણ કરી છે. આ તાલિબાન અને રશિયા વચ્ચે વધતા સંબંધોનું પ્રતીક છે'.વર્ષ ૨૦૨૧ માં અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન અમલમાં આવ્યું. યુએસ દળોએ દેશ છોડ્યા પછી, તાલિબાન નેતાઓએ દેશનું નેતૃત્વ સંભાળ્યું. હાલમાં અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયની જવાબદારી અમીર ખાન મુત્તકી પાસે છે. રશિયાએ હવે તાલિબાનને ગેરકાયદેસર સંગઠનોની યાદીમાંથી દૂર કરી દીધું છે.

## સુરતના સ્વપ્રિલ પાટિલે પોતાના કૌશલ્ય, જ્ઞાન અને પ્રતિભાથી આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું



જીવનમાં આવનારા પડકારોનો સામનો કરવાની હિંમત હોય ત્યારે જ આપણે આગળ વધી શકીએ છીએ. સુરતના રહેવાસી ૨૩ વર્ષીય યુવા સ્વપ્રિલ પાટિલના કૌશલ્ય, જ્ઞાન અને પ્રતિભાથી પડકારોનો સામનો કરી આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

સ્વપ્રિલે સુરત જિલ્લાના તરસાડીની માલિબા ફાર્મસી કોલેજથી બી.ફાર્મ. કર્યું છે. સ્વપ્રિલના પરિવારમાં ચાર સભ્યો છે. તેના પિતાજી શાકભાજી વેચે છે, અને માતા ગૃહિણી છે. બી.ફાર્મના અભ્યાસ દરમિયાન જ સ્વપ્રિલને એક દિવસ ભારત સરકારની પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) વિશે જાણકારી મળી. આ યોજના ફક્ત તાલીમ જ નથી આપતી, પરંતુ સફળ ઉમેદવારોને એક સારી નોકરી મેળવવા માટે સક્ષમ પણ બનાવે છે એવું જાણ્યા પછી સ્વપ્રિલના જીવનની એક નવી શરૂઆત થઈ.

જ્યારે સપનાંઓ મોટાં હોય ત્યારે દરેક માર્ગ સરળ બની જતો હોય છે. સ્વપ્રિલે સ્દ્રફરૂ હેઠળ રજિસ્ટ્રેશન કરાવ્યું અને પછી મક્કમ મનોબળ અને ટ્રેનર્સના માર્ગદર્શનથી ધીમે ધીમે લક્ષ્ય તરફ આગળ વધવા લાગ્યો. તેણે કોલેજની સાથે જ આ કોર્સ પૂરો કર્યો. તાલીમ દરમિયાન તેને મેડિકલ ઈક્વિપમેન્ટ એટલે કે તબીબી ઉપકરણો અને દસ્તાવેજીકરણ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી. તાલીમથી સ્વપ્રિલને કૌશલ્યની બારીકાઈઓ શીખવામાં તો મદદ મળી જ પણ સાથે-સાથે તેના વ્યક્તિત્વનો પણ વિકાસ થયો.

સ્વપ્રિલ જણાવે છે કે, "જ્યારે હું કોલેજમાં બી.ફાર્મનો કોર્સ કરી રહ્યો હતો એ દરમિયાન કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) વિશે મારા માટે વરદાન સાબિત થઈ, કારણકે તેનાથી મારા ટેક્નિકલ કૌશલ્યમાં વધારો થયો, મને નવી બાબતો, પાસાઓ વિશે શીખવા મળ્યું. આ યોજનાની સૌમોટી ખાસિયત એ છે કે તે નિઃશુલ્ક છે, જેમાં તાલીમ ઉપરાંત એક પ્રમાણિત સર્ટિફિકેટ પણ મળે છે, જે ભાવિ કારકિર્દી માટે ખૂબ જરૂરી છે. હવે મારા ભવિષ્ય વિશેનો નિર્ણય લેવામાં સરળતા થઈ ગઈ છે. જે યુવાનોને કોઈક કારણોસર નોકરી નથી મળતી, તેવા યુવાનોને હું કહેવા માંગું છું કે તેઓ સ્દ્રફરૂ હેઠળ તાલીમ મેળવીને સપનાને સાકાર કરી શકે છે. તેનાથી નોકરીની સાથે સમાજમાં સન્માન પણ મળશે. જીવનમાં કંઈક કરી બતાવવાના સપના સાથે સ્વપ્રિલે પોતાના માતા-પિતા સાથે સમાજનું નામ પણ રોશન કર્યું છે. આ જ કારણ છે કે, આજે સ્વપ્રિલ પોતાની મહેનત અને સમર્પણના બળે સહજાનંદ મૅડિકલ ટેક્નોલૉજીઝમાં કાર્યરત છે અને પ્રતિ માસ રૂપિયા ૨૧ હજાર કમાય છે. આનાથી સ્વપ્રિલ આત્મનિર્ભર તો બન્યો જ છે, સાથે પરિવારને પણ આર્થિક રીતે સમૃદ્ધ કરી રહ્યો છે. સ્વપ્રિલ ઉપરાંત, તેના આખા પરિવારના ચહેરા પર સ્મિત ચમકી રહ્યું છે. સ્વપ્રિલ ભારત સરકારનો આભાર માને છે, જેમણે તેને સફળતાની સીડી ચડવામાં મદદ કરી.

**સાબુ જેમ આપણાં મનનાં સંશય રુપી મેલ કાઢનારું જેનું જીવન છે એ સાધુ!**

# સેવા કરનાર સાધુ કપાસના ફૂલ જેમ નિરસ બિસદ અને ગુનમય હોય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સેવાના ત્રણ બાધક પરિબળ પણ છે! સેવા કરનારે ઉદ્વેગ ન કરવો જોઈએ, ઉદ્વેગ પ્રતિબંધક છે, એ સેવા કરનારની નિષ્ઠાને નિર્બળ બનાવે છે.**



માનસ સેવાયજ્ઞનાં છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશતાં જ બાપુએ સાધુની વ્યાખ્યા કરતાં કહ્યું કે, જેનું જીવન આપની સામું છે, એકદમ સાચું છે, ગુણવત્તામાં સારું છે, છતાં સાદું છે, અને સાબુ જેમ આપણાં મનનાં સંશય રુપી મેલ કાઢનારું જેનું જીવન છે એ સાધુ! રામ અને લક્ષ્મણ જ્યારે કિષ્કિંધા કાંડમાં હનુમાનજીને મળે છે, અને હનુમાનજી બ્રાહ્મણનું રૂપ લઈને સાધુના વેશમાં ભગવાનની સામે આવે છે ત્યારે એ પૂછે છે

કો તુમ શ્યામ ગૌર સરીરા, શ્યામ અને ગૌર શરીર વાળા આપ કોણ છો? ત્યારબાદ ઘણા પ્રશ્નો પૂછ્યાં. ભગવાન એનાં જવાબ પણ આપ્યાં, પરંતુ હનુમાનજીએ ભગવાનના પગ પકડ્યા નથી. માથું નમાવીને વિવેક પૂર્ણ રીતે નમસ્કાર કર્યા છે, અને આ ભારતીય શિષ્ટાચાર છે! હું પણ તમને અનુરોધ કરું છું, કે કોઈને પૂરેપૂરા ઓળખો નહીં ત્યાં સુધી પગ પકડવાની પડા પડી કરતા નહીં. હનુમાન અને રામનો આ વાર્તાલાપ લગભગ એક કલાક ચાલ્યો હશે, અને એક કલાક બાદ હનુમાનજીએ રામ પરમ તત્વ છે, એ ઓળખાઈ ગયું, અને પછી એમણે પગ પકડ્યા. સાધુની વાતનું સમર્થન કરતા એક ઉદાહરણ આપ્યું.

લોકોની પૂર્ણ શ્રદ્ધાનું કેન્દ્ર હતાં એવા એક સાધુને સમ્રાટે જેલમાં પૂર્યા, રાજા સામે જનતા કચેરીમાં ગઈ, કારણ કે આ નિર્ણય રાજાનાં એકલાનો હતો. એની સામે બધા મંત્રીઓ વિદ્યાધરો કલાકારો સમગ્ર પ્રજાએ વિરોધ કર્યો. અને કહ્યું કે આ સાધુને તમે મુક્ત કરો! હકીકતમાં સમ્રાટને પ્રજા કરતાં પણ સાધુમાં વધુ વિશ્વાસ હતો, અને એણે જાણી જોઈને એને જેલમાં પૂર્યા હતા. સમ્રાટે પ્રજાને કહ્યું કે તમે બધા આટલી આટલી રકમ આપો અને મને રકમ જોઈને સંતોષ થશે, એ દિવસે હું સાધુને છોડી દઈશ. તમારી રીતે પાંચ, દસ, પચાસ હજાર આપો. પ્રજાએ રાજાએ કહ્યું એમ ગામડું ગામડું જાગૃત થયું! બધાએ ખૂબ આપ્યું પણ રાજા તૃપ્ત નથી થતો.

જિમી પ્રતિ લાભ લોભ અધિકાઈ.

લાભ સારી વસ્તુ છે, પરંતુ લોભ ખરાબ વસ્તુ છે. પણ 'લ'કાર બંનેમાં સરખું છે, આપણે લખીએ છીએ. લાભ લોભ અશુભ એમ આપણે લખતાં નથી. ડાહ્યાં માણસે બેય લખવાં જોઈએ, એટલે કે બારણાની એક બાજુ લાભ શુભ, અને બીજી બાજુ લોભ અશુભ એવો નવો પ્રયોગ શરૂ કરવો જોઈએ. રાજાના મનમાં શું છે એની કોઈને ખબર પડતી નથી, કે હવે બધું બરાબર થઈ ગયું છે! પણ રાજાએ મુદત નાખી કે કાલે છેલ્લો દિવસ અને સમ્રાટના એક નાના ગામમાંથી ૯૦ વર્ષની ડોશી આવે છે, અને ત્રણ પુણી કપાસની લાવી. વૃદ્ધા એ રાજાને કહ્યું, મહારાજ મારી પાસે કંઈ નથી આ ત્રણ પુણી છે, એ લઈ લો. રાજાએ ત્રણ પુણી લઈ લીધી, રાજાની આંખમાં આંસુ આવ્યાં, અને વજીરને કહ્યું મારો સંકલ્પ પૂરો થઈ ગયો છે. હવે ઉઘરાણું બંધ કરો સાધુને છોડી દો! રાજા ડોશીમા ને પૂછે છે આ ત્રણ પુણી આપવાનો શું મતલબ! ડોશી કહે હું હવે મરણને કાંઠે બેઠી છું, અને મારી પાસે આ પણી સિવાય બીજું કંઈ નથી. ઈશ્વર મને પૂછે કે સાધુને છોડાવવાનાં સેવા યજ્ઞમાં તમે શું આપ્યું? ત્યારે કહી શકું કે મેં પણ ત્રણ પુણી નાખી હતી, એટલે ભોંઠી ન પડું, ઈશ્વરને કહી શકું દીકરા મેં ત્રણ પુણી આપી હતી, ઈશ્વરને પણ જે દીકરો કહે એ આ દેશ!: તુલસી એ આ ત્રણ પુણીનો અર્થ રામ ચરિત માનસમાં બતાવ્યો છે.

સાધુ ચરિત શુભ ચરિત કપાસુ,

નીરસ બીસદ ગુનમય ફલ જાસૂ.

તુલસીદાસજીએ બાલકાંડના વંદના પ્રકરણમાં જ સાધુની વંદના કરી, ત્યારે કહ્યું કે સાધુનું ચરિત્ર તો કપાસના ફૂલ જેવું છે. એનાં ત્રણ લક્ષણો છે, નિરસ બિસદ અને ગુણમય સેવાયજ્ઞમાં આપેલી મારીને તમારી પુષ્પોનીઆહુતિઆત્રણલક્ષણથી સંપન્ન હોવી જોઈએ.

નીરસનો અર્થ એટલે કે હું જે સેવા કરું છું અથવા સેવા યજ્ઞમાં જે આહુતિ આપી રહ્યો છું, એમાં મારી કોઈ જ શરત રહેતી નથી, મેં આપી દીધું આ નિરસતા દાતા હટી જાય અને દાન ઉભું રહે. વેદોમાં લખ્યું છે અગ્નિ જ્યારે બળે છે, ત્યારે જ્વાળાઓ ઉપર ઉપર જાય છે, અને થોડે ઉપર ગયાં પછી અસ્તિત્વમાં વિલિન થઈ જાય છે, આ છે નીરસતા.

બીજું બિસદ, બિસદનો અર્થ છે ઉજવળ, શ્વેત દાન, દાન ધોળું હોવું જોઈએ, એટલે કે આપણા પરિશ્રમના રૂપિયાનું દાન કરવું! એમાં કાળું નાણું ન હોવું જોઈએ. દાન કરવાની ઈચ્છા થવી અને જે કંઈ અપાય એ શ્વેત દાન છે.

ત્રીજું લક્ષણ ગુનમય ફલ જાસૂ. કપાસના ફૂલની અંદર સૂક્ષ્મ રેસાઓ છે, ગુણ એટલે રેસાઓ, ગુણ એટલે રસ્સી, ગુણ એટલે દોરડું, ગુણ એટલે બંધન, દોરડું બાંધવાનું જ કામ કરે છે, એટલે દાન શુભ હોય પણ આસક્તિ મુક્ત હોય! ઘરમાંથી ૫૦૦ આપો, કે હું આ ગરીબ માણસને આપું છું, તો આખા પરિવારનાં નાનાં નાનાં રેસાઓ જોડાયેલા છે, એટલે કે નાનાં બાળકથી માંડીને પત્ની સુધી બધાં જ આ દાની કહેવાય. અને આપણું સેવા યજ્ઞમાં અપાયેલું દાન પેલી ડોસીની જેમ આ સુતરની ત્રણ પોણી જેમ ત્રણ ગુણથી યુક્ત હશે તો સેવા યજ્ઞ માટે શુભ મંગલનું કામ કરશે.

સેવાના ત્રણ બાધક પરિબળ પણ છે! સેવા કરનારે ઉદ્વેગ ન કરવો જોઈએ, ઉદ્વેગ પ્રતિબંધક છે, એ સેવા કરનારની નિષ્ઠાને નિર્બળ બનાવે છે. લાકડાનો એક ભારો કશોકસ્ત રસ્સીથી બાંધેલો હોય, પણ એની બાજુમાં જ બીજો લાકડાનો ભારો એ જ રીતે રસ્સીથી બાંધીને મૂકવામાં આવે, તો આપણી નજર પેલાં ભારા પરથી હટી જાય છે, અને બીજાના લાકડા તપાસવા લાગીએ છીએ, ત્યારે પહેલાં ભારાનું દોરડુ આપોઆપ ઢીલો થઈ જાય છે, એટલે કે એનું મહત્વ રહેતું નથી, આ પ્રતિબંધતા.

બીજું સેવકોએ ભોગ ત્યાગવાનો હોય ભોગ ભોગવવાનો ન્હોય.


ત્રયાણાં સાધન પરિત્યાગ કર્તવ્ય. ત્રણ પ્રકારના ભોગનો ત્યાગ કરવો એ સેવા કરનારનું કર્તવ્ય છે.સેવા કરનાર ને ત્રણ ફળ મળે એનો પણ ઉલ્લેખ છે! આશા રાખવી નહીં પણ મળે તો લઈને શ્રીફળની શેષ જેમ સૌને પ્રસાદ જેમ વહેંચી દેવું. પણ સેવાથી અલૌકિક ફળ મળશે! અંદરનાં આનંદનો ઉભરો! બાકી બધાં કાળ ગ્રસ્ત છે!

ત્રીજું સામર્થ્ય એટલે કે આપણી ક્ષમતા પ્રમાણે સામર્થ્ય હોય! પરંતુ જેમ જેમ સામર્થ્ય વધે એમ સેવાયજ્ઞની આહુતી પણ વધવી જોઈએ! ભગવાન જીસસ પણ બોલ્યાં છે, કે જે આપશે એને મારો પરમ પિતા વધુ આપશે, અને નહીં આપે એનું છીનવી લેશે! પણ આપણે સનાતની કોઈનું છીનવી લેવાય, એવું વિચારી શકીએ નહીં! પણ આપીએ તો આપવાનો શું આનંદ છે એની ખબર પડે, અને આપવાનું શરૂ કર્યા પછી, એ આનંદ આગળ બીજા બધાં તુચ્છ લાગે છે.

રામ નામનો જપ કરવો કે સદગુરુએ આપેલ મંત્રનો? એ પ્રશ્નનાં જવાબમાં કહ્યું કે રામનામ તો પાયો છે, એટલે સદગુરુએ આપેલ મંત્રના જાપને બળ કે ટેકો આપશે, એમાં કોઈ ગુરુ મંત્ર પ્રત્યેની નિષ્ઠાનો પ્રશ્ન ઉભો થતો નથી. ભીંત ચણવી હોય તો ખાલી પાણાં કે ઈટથી ચાલે નહીં! એમાં સિમેન્ટ જોઈએ! રામનામનો જાપ સિમેન્ટનું કામ કરે છે! નલ નીલ ને વરદાન હતું કે પાણીમાં પત્થર નાખે, તો એ ડૂબે નહીં પણ તરે! છતાં સેતુબંધ વખતે પત્થર ડૂબી જતાં હતાં, અને એટલે પત્થર પર રામનું નામ અંકિત કરીને પાણીમાં નાંખ્યા એટલે તર્યા! ગુરુનાં મંત્રની માળા રાખજો, અને રામ નામનો બેરખો! આમ કહીને છઠ્ઠા દિવસની કથાને વિરામ આપ્યો.

**સારાપણું જોવું એ એક ગુણ છે - સારું જોવા માટે સારા બનવું પડે છે**

# દુનિયા એક એવું પુસ્તક છે જે ક્યારેય વાંચી શકાતું નથી..પણ દુનિયા એક શિક્ષક છે જે બધું શીખવે છે..!!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઊંડું, સાકાર બ્રહ્મનું ચિંતન નહીં કરું. આ નિર્ગુણ બ્રહ્મનું ચિંતન જ સારું છે. નિરાકાર બ્રહ્મને કંઈ આપવું પડતું નથી.**



જો આપણે બીજામાં સારાપણું જોઈ શકતા નથી - તો આપણે આપણામાં ખામીઓ શોધવી જોઈએ.''સારું વિચારો..સારાપણું જોવું એ એક ગુણ છે - સારું જોવા માટે, સારા બનવું પડે છે. બીજાથી નહીં, પોતાનાથી સુધારવાનું શરૂ કરો.

સ્મિત એ જીવનની તે સુંદર ક્ષણ છે.. જેની શૈલી બધા સંબંધોથી અલગ છે..! જેને મળે છે તે એકલતામાં પણ ખુશ રહે છે, અને જેને નથી મળતું તે ભીડમાં પણ એકલો રહે છે..!આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો દેહભાન ન ભૂલાય ત્યાં સુધી દેવનાં દર્શન થતા નથી. શુકદેવજી જ્યોતિર્મય બ્રહ્મનું ચિંતન કરે છે.તેમને દેહભાન નથી. શુકદેવજી પરમહંસોના આચાર્ય છે.તેથી બ્રહ્મચિંતન કરે છે.એવા શુકદેવજીનું મન આકર્ષવા વ્યાસ જીએ યુક્તિ કરી.વ્યાસજીએ શિષ્યોને કહ્યુંકે,શુકદેવજી જે વન માં સમાધિમાં બેસી રહે છેત્યાંતમે જાવ,અને તેઓ સાંભળે તેમ આ શ્લોકનું ગાન કરો,ફરી ફરી ગાન કરો.

શુકદેવજીનું હૃદય ગંગાજળ જેવું શુદ્ધ છે. જળ સ્થિર અને સ્વચ્છ હોયતો તેમાં શુદ્ધ પ્રતિબિંબ પડેછે

આપણી હૃદય દીવાલ ઉપર બહુ કાટ ચડયા છે.તે કાટ સાફ કરીએ તો તેમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે આપણા હૃદયમાં હજારોજન્મોનો મેલ છે. તેથી હૃદય દીવાલને ખૂબ ઘસો અનેએ મેલને દૂર કરો,એટલે ભગવાનનું પ્રતિબિંબ તેમાં દેખાશે.

શબ્દમાંથી રૂપનાં દર્શન થાય છે, નામસૃષ્ટિ પહેલી, રૂપસૃષ્ટિ પછી.

શિષ્યો આજ્ઞા મુજબ વનમાં ગયા ને શુકદેવજીનું ચિત્ત આકર્ષવા તે શ્લોકોનું ગાન કરવા લાગ્યા. શુકદેવજી સ્નાન-સંધ્યા કરી સમાધિમાં બેસવાની તૈયારીમાં હતા. જો તેઓ સમાધિમાં લાગી જાય અને સમાધિ લાગી જાય, તો શ્લોક તેઓ સાંભળી શકે નહીં એટલે શિષ્યોએ તરત વેણુગીતનું ગાન શરૂ કર્યું.

મસ્તક ઉપર મોરમુગટ ધારણકર્યો છે અને કાનો પર કરેણનાં પીળાં પુષ્પો છે.શરીર પર પીળું પીતાંબર અને ગળામાં પાંચ પ્રકારના સુગંધિત પુષ્પોની બનાવેલી વૈજયંતી માળા પહેરી છે,એવા શ્રીકૃષ્ણ ગોપબાળકો સાથે વૃંદા વનમાં પ્રવેશ કરી રહ્યા છે. વાંસળીનાં છિદ્રોને તેઓ પોતાના અધરામૃતથી ભરી રહ્યા છે. એમની પાછળ પાછળ ગોપ બાળકો એમની લોકપાવન કીર્તિ ના ગાન કરી રહ્યા છે. વૃંદાવન ધામ એમનાં ચરણચિહ્નોથી વધારે રમણીય બન્યું છે.

મોર શ્રીકૃષ્ણને વહાલો છે.મોર કામસુખ ઈન્દ્રિય ભોગવતો નથી. સંસાર કામસુખને ભૂલનારો જ ઈશ્વરનાં દર્શન કરી શકે છે. પ્રભુ સાથે મૈત્રી કરવી હોય તો કામની મૈત્રી છોડવી પડશે.

જ્ઞાનીઓ લલાટમાં દ્રષ્ટિ સ્થિરકરી ત્યાં બ્રહ્મનાં દર્શન કરે છે. વૈષ્ણવો હૃદયમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરે છે.

શુકદેવજીએ શ્લોક સાંભળ્યો. વાહ શું મનોહર સ્વરૂપ શ્રીકૃષ્ણનું એમણે તરત નિશ્ચય કર્યો કે, નિરાકાર બ્રહ્મનું ચિંતન નહીં કરું. હવે સગુણ સાકારનું ચિંતન કરીશ પણ વિચાર થયો,સગુણ બ્રહ્મની સેવા કરવા જતાં કનૈયો માખણ મિશરી માગશે, તો હું તે ક્યાંથી લાવીશ?મારી પાસે તો કાંઈ નથી. હું નિર્ગુણ બ્રહ્મનો ઉપાસક. મેં તો લંગોટીનો પણ ત્યાગ કર્યો છે.શુક દેવજીના મનમાં દ્વિધા ઉત્પન્ન થઈ કે, નિરાકારનું ધ્યાન કરું કે સગુણ આકારનું?

શુકદેવજી વિચાર કરે છે કે, યશોદાના ઘરમાં માખણ ક્યાં ઓછું હતું? છતાં કનૈયો કહે છે, મા મને ઘરનું માખણ ભાવતું નથી, મને બહારનું માખણ ભાવે છે એટલે એ મારી પાસે પણ માખણ માગવાનો. મને કહેશે માખણ લાવ, મિશરી લાવ, તો હું શું કરીશ? ઊંડું, સાકાર બ્રહ્મનું ચિંતન નહીં કરું.આ નિર્ગુણ બ્રહ્મ નું ચિંતન જ સારું છે. નિરાકાર બ્રહ્મને કંઈ આપવું પડતું નથી. તેથી મારા માટે તે જ ઉત્તમ છે આ પ્રમાણે શુકદેવજી વિચાર કરે છે, ત્યાં વ્યાસજીના શિષ્યો બીજો શ્લોક બોલ્યા. અહો! આશ્ચર્યની વાત!જે દુષ્ટ પૂતનાએ સ્તનમાં ભરેલું ઝેર તેને મારવાની ઈચ્છાથી જ ધવડાવ્યું હતું,તે પૂતનાનેતેમણે સદગતિ આપી! શ્રીકૃષ્ણ સિવાય આવો બીજો કોઈ દયાળુ નથી કે જેનું શરણ ગ્રહણ કરી શકાય.

પૂતના ઝેરચોળીને ઈશ્વરના ધામ માં આવી હતી. વાસનાનું ઝેર મન માં રાખીને જે પરમાત્મા સન્મુખ જાય તેને પરમાત્માના દર્શન થતાં નથી.પણ પૂતના ઝેર ચોળીને માતાની ભાવનાથી આવી હતી. તેથી ઝેર આપનાર પૂતનાને પણ મારા પ્રભુએ યશોદા જેવી સદ ગતિ આપી હતી. મારા પ્રભુ દયાળુ છે.શ્રીકૃષ્ણને માખણ મિશરીની તો શું કોઈ વસ્તુની જરૂર નથી. ફક્ત પ્રેમની જરૂર છે.

શુકદેવજીના મનમાં શંકા હતી કે, કનૈયો બધું માગશે તો હું શું આપીશ તેનું નિવારણ થઈ ગયું. આ શ્લોક કોણ બોલ્યા તે જોવા તેમણે ચોમેર નજર કરી તો વ્યાસ જીના શિષ્યોને જોયા. શુકદેવજીએ તેઓને પૂછ્યું, તમે કોણ છો? તમે બોલો છો તે શ્લોક કોણે રચેલા છે?

શિષ્યોએ કહ્યું, અમે વ્યાસજીના શિષ્યો છીએ. વ્યાસજીએ અમને આ મંત્રો આપ્યા છે.આ બે શ્લોક તો નમૂનાના છે,બીજા હજારો શ્લોકો છે.વ્યાસ ભગવાને આ શ્લોકોથી શ્રી ભાગવત પુરાણની રચના કરી છે.

શુકદેવજીએ પૂછ્યું, આવા કેટલા શ્લોકો તેઓએ બનાવ્યા છે. શિષ્યો કહેછે,એવા અઢાર હજાર શ્લોક બનાવ્યા છે.

આંખ ઊઘાડી હોવા છતાં શ્લોકોની સમાધિ લાગે છે.આંખ બંધ હોય અને સમાધિ લાગે તે સામાન્ય આ તો આંખ ઉઘાડી હોય અને સમાધિ લાગી જાય. ગોપીઓને આવી સમાધિ લાગતી હતી. આને સહજ સમાધિ કહે છે

શુકદેવજીએ વિચાર્યું, વ્યાસજી મારા પિતા છે.તેનો હું ઉત્તરાધિ કારી છું. હું પિતા પાસે જઈ આ પુરાણ સાંભળીશ. એ મારો વારસો છે.નિગ્રંથ શુકદેવજીને ભાગવત શાસ્ત્રનું અધ્યયન કરવાની ઈચ્છા થઈ. ભાગવતના શ્લોકો સાંભળી શુકદેવજીનું ચિત્ત આકર્ષાયું અને નિર્ગુણ બ્રહ્મના ઉપાસક સગુણ બ્રહ્મની પાછળ પાગલ બન્યા. અસ્તુ.

# ‘એમઆઈ સિક્સ એજન્ટ બનવાનું મન થયુંઃ પ્રિયંકા

## લંડનમાં ‘હેડ્સ ઓફ સ્ટેટ’ ના પ્રીમિયરમાં, પ્રિયંકા ચોપરાએ એક્શન ફિલ્મો કરવાના તેના પ્રેમ વિશે વાત કરી હતી



ફિલ્મ ‘હેડ્સ ઓફ સ્ટેટ’માં પ્રિયંકા એમઆઈ ૬ એજન્ટ નોએલ બિસેટની ભૂમિકા ભજવી રહી છે. આ ફિલ્મમાં તેના સ્ટાર્સ પ્રખ્યાત હોલીવુડ અભિનેતા ઈદ્રિસ એલ્બા અને જોન સીના છે. પ્રિયંકાએ આ એક્શનથી ભરપૂર ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો.

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા તેની નવી ફિલ્મ ‘હેડ્સ ઓફ સ્ટેટ’ માટે સમાચારમાં છે. આ ફિલ્મ પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ કરવામાં આવી છે. ફિલ્મમાં પ્રિયંકા એમઆઈ૬ એજન્ટ નોએલ બિસેટની ભૂમિકા ભજવતી જોઈ શકાય છે. આ ફિલ્મમાં તેના સ્ટાર્સ પ્રખ્યાત હોલીવુડ અભિનેતા ઈદ્રિસ એલ્બા અને જોન સીના છે. પ્રિયંકાએ આ એક્શનથી ભરપૂર ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. તેણીએ તેના પાત્રનું મહત્વ સમજવા બદલ નિર્માતાઓની પ્રશંસા પણ કરી.વાતચીત દરમિયાન, પ્રિયંકા



ચોપરાએ કહ્યું, ‘મને લાગે છે કે ઈલ્યા નૈશુલર (દિગ્દર્શક) ને શરૂઆતથી જ આ વિચાર આવ્યો હતો જ્યારે તેમણે આ ફિલ્મ વિશે પહેલી વાર મારી સાથે વાત કરી હતી. તેમને લાગ્યું કે સ્ત્રીના હાથમાં લગામ આપવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. મારા માટે એ વિચારવું ખૂબ જ રમુજી હતું કે હું, ૫ ફૂટ ૭ ઈંચની છોકરી, ભલે મેં હીલ પહેરી હોય, ઉભી રહીને આ બે છોકરાઓને તેમની મર્યાદામાં રહેવાનું કહી રહી હતી. આ એક જ વાતે મને ફિલ્મ કરવાની ઈચ્છા કરાવી. મને લાગ્યું કે તે ખૂબ જ રમુજી હતું, પરંતુ જો ઊંડાણપૂર્વક જોવામાં આવે તો, તે ઈલ્યા માટે ભાવનાત્મક રીતે ઘણું મહત્વ ધરાવે છે.’પ્રિયંકાએ આગળ કહ્યું, ‘ભલે આ ફિલ્મમાં ઘણા પુરુષો દર્શાવવામાં આવ્યા છે, આ પુરુષો નારીવાદી છે, જેઓ આવી ભૂમિકા બનાવવાનું મહત્વ સમજે છે. આવી ભૂમિકાઓ સરળતાથી મળતી નથી. તેથી હું આ સફરનો ભાગ બનીને ખૂબ જ ખુશ હતી.અગાઉ, લંડનમાં ‘હેડ્સ ઓફ સ્ટેટ’ ના પ્રીમિયરમાં, પ્રિયંકા ચોપરાએ એક્શન ફિલ્મો કરવાના તેના પ્રેમ વિશે વાત કરી હતી. તેણીએ એ પણ સ્વીકાર્યું હતું કે સ્ટંટ ટીમે તેને ફિલ્મમાં મદદ કરી હતી અને ખૂબ જ મહેનત કરી હતી. અભિનેત્રીએ કહ્યું, ‘ટોમ ક્રૂઝ અને અક્ષય કુમાર જે કરે છે તે મને ગમે છે. તેઓ તેમાં ખૂબ સારા છે.’ આ દ્વારા, તે બંને કલાકારોની અદ્ભુત કુશળતા અને ઉચ્ચ જોખમવાળા દ્રશ્યો કરવા તરફ ઈશારો કરી રહી હતી.

# હું ક્યારેય સુકેશ ચંદ્રશેખર સાથે હતી જ નહીઃ જેક્લીન

**જેકલીન પણ ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે સંબંધિત ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલી છે**


જેકલીન ફર્નાન્ડીઝ પણ ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે સંબંધિત ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલી છે. સુકેશે દાવો કર્યો હતો કે હાઉસફુલ ૫ ની અભિનેત્રી તેની સાથે સંબંધમાં છે. જોકે, જેક્લીને સુકેશના તમામ દાવાઓને ફગાવી દીધા છે અને તેની સાથે સંબંધ હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે.તે જ સમયે, જેલમાં રહેલા સુકેશે ઘણી વખત ઘણી વખત જેકલીન પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. ઘણી વખત તેણે જેલમાંથી જેકલીનને પ્રેમ પત્રો લખ્યા છે. અભિનેત્રીના જન્મદિવસ પર પણ સુકેશે એક પત્ર લખીને ખુલાસો કર્યો હતો કે તેણે જેકલીનને એક યાટ ભેટમાં આપી હતી. જોકે, જેક્લીન હંમેશા સુકેશ ચંદ્રશેખર સાથેના તેના સંબંધોનો ઈનકાર કરતી રહી છે.આ બધા વચ્ચે, જેક્વેલિનએ ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા તેની સામે નોંધાયેલી ફરિયાદ રદ કરવાના અને ઈડી દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટ અને નીચલી કોર્ટ દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટની નોંધ લેવાના આદેશને પડકાર્યો છે. આ મામલે આજે દિલ્હી હાઈકોર્ટમાં નિર્ણય સંભળાવવામાં આવશે.જેક્વેલિનએ તેની અરજીમાં તેના પર લગાવવામાં આવેલા તમામ આરોપોને ખોટા ગણાવ્યા છે. અભિનેત્રીએ કહ્યું કે માત્ર સુકેશ ચંદ્રશેખર જ નહીં પરંતુ અદિતિ સિંહે પણ તેની સાથે છેતરપિંડી કરી છે. જેક્વેલિનએ એમ પણ કહ્યું કે સુકેશ ચંદ્રશેખર દ્વારા તેને નિશાન બનાવવામાં આવી હતી અને તેનો મની લોન્ડરિંગ કેસમાં કોઈ લેવાદેવા નથી.સુકેશે જેક્વેલિન ફર્નાન્ડીઝને ખૂબ જ મોંઘી ભેટ આપી હતી. ઈડી અનુસાર, સુકેશે જેક્વેલિનને મોંઘા ઘરેણાંથી લઈને ચાર પર્શિયન બિલાડીઓ અને ૫૭ લાખ રૂપિયાનો ઘોડો ભેટમાં આપ્યો હતો. સુકેશે જેક્વેલિનના પરિવારને ઘણી ભેટો પણ આપી હતી. એકંદરે, સુકેશે અભિનેત્રીને ભેટ આપવા માટે ૭ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા હતા. જોકે, જેક્લીને કહ્યું છે કે તે સુકેશ વિશે, તે શું કરે છે અને કોણ છે તે જાણતી નહોતી. જેક્લીને કહ્યું હતું કે સુકેશે પોતાને એક મોટો ઉદ્યોગપતિ ગણાવ્યો હતો.



# માતૃત્વનો આનંદ માણતી દયાભાભીનો નવો લુક ચર્ચામાં

## ઘણા વર્ષો સુધી ટીવી સ્ક્રીનથી દૂર રહ્યા પછી, દિશાની તાજેતરની તસવીર જોઈને તેના ચાહકો ચોંકી ગયા છે

દિશા વાકાણી આ દિવસોમાં તેના માતૃત્વનો ખૂબ આનંદ માણી રહી છે. તાજેતરમાં, તેની એક નવીનતમ તસવીર વાયરલ થઈ રહી છે, જેને જોઈને ચાહકો માટે તેને ઓળખવી ખૂબ મુશ્કેલ થઈ ગઈ છે.ટેલિવિઝન ઉદ્યોગમાં પોતાના દમદાર અભિનય અને અનોખા અંદાજથી કરોડો લોકોના દિલમાં સ્થાન બનાવનારી અભિનેત્રી દિશા વાકાણી એટલે કે ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ શોની ગરબા ક્વીન દયા ભાભી, ફરીથી સમાચારમાં છે. પરંતુ આ વખતે તે કોઈ શો પ્રોજેક્ટ માટે નહીં પરંતુ તેના બદલાયેલા લુક માટે છે.આ તસવીરમાં દિશાનો લુક પહેલા કરતા ઘણો બદલાઈ ગયો છે. બે બાળકોની માતા બન્યા પછી, દિશા હવે એક સંપૂર્ણ પારિવારિક મહિલા બની ગઈ છે. લોકો તેનો આ લુક જોઈ તેની તારીફ કરી રહ્યા છે.ઘણા વર્ષો સુધી ટીવી સ્ક્રીનથી દૂર રહ્યા પછી, દિશાની તાજેતરની તસવીર જોઈને તેના ચાહકો ચોંકી ગયા છે.તાજેતરની તસવીરમાં, દિશા વાકાણી ખૂબ જ સરળ સાડીમાં જોવા મળી રહી



છે. તેના ચહેરા પર ઓછામાં ઓછો મેકઅપ અને માતા બનવાની ઝલક તેના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહી હતી.દિશા વાકાણીએ વર્ષ ૨૦૧૫ માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મયુર પંડ્યા સાથે લગ્ન કર્યા. તેની પહેલી ગર્ભાવસ્થાને કારણે, તેણે તેની અભિનય કારકિર્દીમાંથી વિરામ લીધો. ૨૦૧૭ માં, તેણે તેની પહેલી પુત્રીને જન્મ આપ્યો અને ૨૦૨૨ માં ફરીથી માતા બની. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તેની નવીનતમ તસવીર પર, ચાહકો તેને ફરીથી ટીવી પર જોવા માટે બેચેન છે.




# દીપિકાની હોલિવૂડ વોક ઓફ ફેમ સ્ટારમાં એન્ટ્રી

**દીપિકા પાદુકોણને આ વર્ષે હોલિવૂડ વોક ઓફ ફેમ ૨૦૨૬માં એન્ટ્રી મળવાની જાહેરાત કરવામાં આવી છે**

દીપિકા પાદુકોણને આ વર્ષે હોલિવૂડ વૉક ઓફ ફેમ ૨૦૨૬માં એન્ટ્રી મળવાની જાહેરાત કરવામાં આવી છે, જે ભારતીય સિનેમા માટે એક ગૌરવપૂર્ણ વાત છે. તે આ યાદીમાં માઈલી સાયરસ અને તિમોથી શેલેમેટ સહિતના ગ્લોબલ આઈકોન્સ સાથે સ્થાન મેળવશે. દીપિકાની ઈન્ટરનેશનલ કૅરિઅરમાં પણ આ એક ઘણો મહત્વનો પડાવ છે. ગુરુવારે વહેલી સવારે આ અંગે જાહેરાત થઈ છે. આ યાદીમાં માઈલી સાયરસ ઉપરાંત, એમિલી બ્લન્ટ, ફ્રેન્ચ એક્ટ્રેસ મેરીયન કોટીલાર્ડ, કેનેડિયન એક્ટ્રેસ રેશેલ મેકએડમ્સ, ઈટાલિયન લિજેન્ડ ફ્રેંકો નીરો તેમજ સેલેબ્રિટી શેફ ગોર્ડન રામસે, રામી મલેક, સ્ટેનલી ટુશી અને ડેમી મુરનો પણ સમાવેશ થાય છે.દીપિકા પહેલાં આ ઐતિહાસિક સન્માન ભારતના ઘણાં ઓછા લોકોને મળ્યું છે. ધ હોલિવૂડ ચેમ્બર ઓફ કોમર્સની વૉક ઓફ ફેમ સિલેક્શન પેનલ દ્વારા દુનિયાભરના સેંકડો નોમિનેશન્સમાંથી દીપિકાની પસંદગી કરવામાં આવી છે. તેમણે ૨૫ જૂને ફાઈનલ યાદી જાહેર કરી હતી. દીપિકાએ પણ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને પોતાનો સ્ટાર મેળવવા માટે ખુશી અને ગૌરવ વ્યક્ત કર્યા હતા. તેણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં માત્ર ‘ગ્રેટીટ્યુડ’ એટલું જ લખ્યું હતું. તે આ સન્માન મેળવનારી પહેલી ભારતીય એક્ટ્રેસ છે. તેની પહેલાં ૧૯૬૦માં સાબુ દસ્તગિરનું નામ આ યાદીમાં જોડાયું હતું, જેઓ એક હાથીના મહાવતના પુત્ર હતા અને ૧૯૩૭માં એમેરિકન ફિલ્મ મેકર રોબર્ટ ફ્લેહર્ટી દ્વારા તેમની ફિલ્મ ‘એલિફન્ટ બોય’ માટે તેની પસંદગી થઈ હતી. જે રુદયાર્ડ કિપલિંગના પુસ્તક પર આધારીત હતી.દીપિકાએ ૨૦૧૭માં હોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું, તેણે ‘ટ્રીપલ એક્સઃ રીટર્ન ઓફ ઝેન્ડર કેજ’માં વિન ડિઝલ સાથે કામ કર્યું હતું. જોકે, આ ફિલ્મ ખાસ ચાલી નહોતી. દીપિકાના અભિનયને દર્શકોએ વખાણ્યો હતો.

**‘અજયઃ ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી’ ની રિલીઝ ડેટ ફાઇનલ**

# યોગીની ભૂમિકા ભજવવા માટે અનંત જોશીએ મુંડન કરાવ્યું



**આબાયોપિકની નવી ઝલક આપતા, પ્રોડક્શન હાઉસે જૂનમાં સોશિયલ મીડિયા પર તેનું નવું પોસ્ટર શેર કર્યું હતું**

‘અજયઃ ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી’ ની રિલીઝ ડેટ ફાઈનલ થઈ ગઈ છે. ફિલ્મનું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જીવન પર આધારિત આ બહુપ્રતિક્ષિત બાયોપિકની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મમાં અનંત જોશી યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવી રહ્યા છે. તેમણે પોતાના પાત્રમાં પ્રવેશવા માટે પણ સખત મહેનત કરી છે, માથું પણ મુંડ્યું છે.આ વર્ષે જૂનમાં સીએમ આદિત્યનાથના જન્મદિવસ નિમિત્તે ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે, એક નવું પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ ૧ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. યોગી આદિત્યનાથ જેવા દેખાવા માટે અનંતે માથું મુંડ્યું પણ હતું. એક પગલું જેને તેમણે ભાવનાત્મક રીતે ખૂબ મુશ્કેલ ગણાવ્યું, કારણ કે તે પોતાના વાળને ખૂબ પ્રેમ કરતો હતો. અનંતે કહ્યું કે વાળ કાપવા એ ફક્ત બાહ્ય પરિવર્તન નહોતું. તે મારા એક ભાગને છોડી દેવા જેવું હતું. મારા માટે આ ફક્ત એક દેખાવ નહોતો, પણ યોગીજીની ભૂમિકાને સંપૂર્ણપણે સ્વીકારવાનો એક રસ્તો હતો. પરંતુ આ પાત્ર માટે આ બલિદાન જરૂરી હતું. હું નકલી બનવા માંગતો ન હતો. મારે તેને જીવવું હતું. મારે યોગી બનવું હતું, ફક્ત તેમના જેવું વર્તન નહીં.આ બાયોપિકની નવી ઝલક આપતા, પ્રોડક્શન હાઉસે જૂનમાં સોશિયલ મીડિયા પર તેનું નવું પોસ્ટર શેર કર્યું હતું.નિર્માતા રીતુ મેંગીએ ફિલ્મ વિશે કહ્યું કે - આ પ્રસંગે રિલીઝ તારીખની જાહેરાત કરવી એ યોગીજીના અસાધારણ જીવનને સાચી શ્રદ્ધાંજલિ છે. એક એવું જીવન જે લાખો લોકોને પ્રેરણા આપે છે. ‘અજય’ના આત્મામાં બલિદાન, ફરજ અને ધર્મથી પ્રેરિત પરિવર્તનની વાર્તા છે.શાંતનુ ગુપ્તાની બેસ્ટ સેલિંગ જીવનચરિત્ર ‘ધ મોન્ક હુ બિકેમ ચીફ મિનિસ્ટર’ પર આધારિત, આ ફિલ્મ એક એવા વ્યક્તિની જીવનયાત્રાને સ્ક્રીન પર લાવે છે જેણે વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓ છોડીને બલિદાન અને જાહેર સેવાનો માર્ગ પસંદ કર્યો, અને અંતે ભારતના સૌથી પ્રભાવશાળી રાજકીય નેતાઓમાંનો એક બન્યો. આ ફિલ્મ યોગી આદિત્યનાથના પરિવર્તનને બતાવશે. ઉત્તરાખંડના એક સામાન્ય છોકરા અજય સિંહ બિષ્ટ, ભારતના શક્તિશાળી નેતા બનવાની વાર્તા.મુખ્ય ભૂમિકા ભજવનાર અનંત જોશીએ અગાઉ ફિલ્મોમાં કામ કર્યું છે. ૧૨મી ફેલ, બ્લેક આઉટ અને કથલ જેવી શ્રેણીઓ. તે તેનો ભાગ રહ્યો છે અને પોતાના શાનદાર અભિનયથી પોતાની છાપ છોડી છે

**પરેશ રાવલે પ્રિયદર્શનની માફી માગી**

## પહેલી ‘હેરા ફેરી’ ૨૦૦૦માં બની હતી, પછી વચ્ચે ૨૦૦૬માં તેની સિક્વલ ‘હેરા ફેરી ૨’ પણ આવી હતી

# ‘પરેશે કહ્યું ફિલ્મ કરું છું, તો મને આંચકો લાગ્યો’

અંતે પરેશ રાવલના બધા પ્રશ્નોનો હલ આવી ગયો અને તે ફરી ‘હેરા ફેરી ૩’માં જોડાઈ ગયા. આ ખબર આવતા જ તેમના ફૅન્સ ખુશ થઈ ગયાં. ત્યારે પ્રિયદર્શને હવે એક ઈન્ટરવ્યુમાં પરેશ રાવલ અંગેની એક ઈમોશનલ અને આંચકો લાગે એવી વાત કરી છે. ઈન્ટરવ્યુમાં પ્રિયદર્શને જણાવ્યું કે પરેશે માફી માગવા માટે ખાસ મને કોલ કર્યો હતો. તેમણે જણાવ્યું, “અક્ષય અને પરેશ બંનેએ મને ફોન કરીને કહ્યું કે હવે બધું જ સરખું થઈ ગયું છે.

મને આંચકો લાગ્યો, જ્યારે તેણે કહ્યું, “સર હું ફિલ્મ કરું છું.” એણે કહ્યું, “મને તમારા માટે ક્યારેય બીજું કશું નહીં, પણ હંમેશા માન રહ્યું છે. મેં તમારી સાથે ૨૬ ફિલ્મ કરી છે અને ફિલ્મ છોડવા માટે તમારી માફી માગું છું. કેટલાંક અંગત પ્રશ્નો હતા.” એણે મને કહ્યું કે એ, અક્ષય અને સુનિલ મળ્યાં અને બધું સ્પષ્ટ થઈ ગયું.”પ્રિય દર્શન હાલ ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યાં છે, તેમણે કહ્યું કે ફિલ્મ માટે રાજુ, શ્યામ અને બાબુ રાવ કેટલા મહત્વના છે, “હું ગમે તેમ કરું, હેરા ફેરીથી તો આગળ નહીં જ વધી શકે. બીજો ભાગ ખાસ સારો



નહોતો —એ એક હોલિવૂડ ફિલ્મની કોપી હતી. પરંતુ હેરા ફેરી એ ત્રણ વિના શક્ય નથી. એક વખત હિરાના એક વેપારી મને એક ફ્લાઈટમાં મળી ગયા હતા અને કહ્યું, “મહેરબાની કરીને પરેશ રાવલને પાછા લાવો, નહીંતર અમે ફિલ્મ નહીં જોઈએ.”આ વર્ષની શરૂઆતમાં પરેશ રાવલ આ ફિલ્મ છોડી રહ્યા છે, તે અંગે જાહેરાત કરી હતી અને કહ્યું કે તે બાબુરાવ ગણપતરાવ આપ્ટેનો રોલ નહીં કરે, તેના માટે તેમણે ક્રિએટિલ ડિફ્રન્સીસના અંગત કારણો આપ્યા હતા. તેના કારણે અક્ષય કુમારે તેને લીગલ નોટિસ પણ આપી હતી. અંતે બધું સરખું થઈ ગયું અને ગયા અઠવાડિયે તેમણે ફિલ્મમાં ફરી જોડાયાની જાહેરાત કરી હતી.

એક પોડકાસ્ટમાં પરેશ રાવલે જણાવ્યું હતું, “ફિલ્મ તો ગમે તે રીતે બનવાની જ હતી, અમારે બસ થોડાં ફાઈન ટ્યુનિંગની જરૂર હતી. અંતે તો આ ફિલ્મ સાથે જોડાયેલાં બધાં જ, પ્રિયદર્શન, અક્ષય અને સુનિલ — અમે ઘણા વર્ષોથી એકબીજાના મિત્રો રહ્યા છીએ. બસ બધું જરા ફરી ગોઠવવું પડે એમ હતું.”પહેલી ‘હેરા ફેરી’ ૨૦૦૦માં બની હતી, પછી વચ્ચે ૨૦૦૬માં તેની સિક્વલ ‘હેરા ફેરી ૨’ પણ આવી હતી. જે વિવેચકોને ખાસ ન ગમી પરંતુ બોક્સ ઓફિસ પર તો એ ફિલ્મ પણ ઘણી સારી ચાલી હતી. હવે ફરી પ્રિયદર્શન આ ફિલ્મના ડિરેક્ટર તરીકે પાછા ફરી રહ્યા છે. તેનાથી ૨૦૦૦નો રાજુ, શ્યામ અને બાબુભૈયાનો જમાનો પાછો ફરી એવી દર્શકોને આશા છે. હાલ તો તેઓ ‘ભૂત બંગલા’નાં પોસ્ટ પ્રોડક્શનમાં વ્યસ્ત છે. પછી ‘હેરા ફેરી ૩’નું કામ હાથમાં લેવામાં આવશે.

# સાંસદ દિનેશ મકવાણાના હસ્તે "સમૃદ્ધ ગુજરાત" નામે યોજાયેલ પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યું



। અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ શહેરમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તેમજ વિવિધ કાર્યક્રમોનુ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ દિનેશભાઈ મકવાણાના શુભ હસ્તે ''સમૃદ્ધ ગુજરાત'' નામે યોજાયેલ પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

જે અમદાવાદ શહેરના મીઠાખળી સીજી રોડ નજીક આવેલા સરદાર પટેલ સેવા સમાજ સંકુલ યોજવામાં આવ્યું છે અને આ પ્રદર્શન ૩ જુલાઈ થી ૫ જુલાઈ દરમિયાન સવારના ૧૦થી સાંજના પાંચ વાગ્યા સુધી, નાગરિકો માટે નિઃશુલ્ક ખુલ્લું રહેશે, ત્રી-દિવસીય યોજાનારુ ''સમૃદ્ધ ગુજરાત'' પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે શહેર ભાજપ ના અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ અને અમીતભાઈ શાહ, ધારાસભ્ય અમૂલભાઈ ભટ્ટ-ધારાસભ્ય કૌશિકભાઈ જૈન, ધારાસભ્ય, દર્શનાબેન વાઘેલા, ધારાસભ્ય, ભૂષણભાઈ ભટ્ટ- શહેર મહામંત્રી, ડો. હર્ષદભાઈ પટેલ, ધારાસભ્, પૂર્વ.ધારાસભ્ય જીતુભાઈ વાઘેલા, ગૌરાંગભાઈ પ્રજાપતિ- પક્ષનેતા, અ.મ્યુ.કો, મતી શીતલબેન, દંડક, અ.મ્યુ.કો. સહિતના કાઉન્સીલરઓ, પ્રમુખ, મહામંત્રી, કાર્યકર્તાઓ અને સ્કુલ-કોલેજ ના બાળકો વિગેરે ૫૦૦૦ જેટલા સમુદ્ધ ગુજરાતના પ્રદર્શન ના ઉદઘાટન માં સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન નિહાળવા આજે પ્રથમ દિવસે શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે ઈસરો, એટોમિક એનર્જી, હેલ્થ મિશન, અને બાલાસિનોર ડાયનોસોર પાર્ક વગેરેના પ્રદર્શનનો નિહાળીને માહિતી મેળવી હતી આ પ્રદર્શનથી શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને નાગરિકોને કેન્દ્ર સરકારની વિવિધ પોલીસી અંતર્ગત ચાલી રહેલા કાર્યક્રમો અને યોજનાઓની સવિશેષ માહિતી મળશે તેમ અમદાવાદ પશ્ચિમના સાંસદ, દિનેશભાઈ મકવાણાએ માહિતી આપતા જણાવ્યું હતું.



અમદાવાદ શહેર ખાતે H & H એલ્યુમીનીયમ પ્રાઈવેટ લી.ના સોલાર પેનલ ફેમ મેન્યુફેક્ચરિંગ યુનિટનું ઉદ્ઘાટન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલજીના હસ્તે કરવામાં આવ્યું હતું.

# આઈસીએની સામાન્ય સભા યુ.કે.ના મેન્ચેસ્ટર ખાતે યોજાઈ

# શકિત, વ્યવસ્થા અને વિકાસની સહકારી પ્રવૃતિ દેશ-દૂનિયાને જોડવાનું કામ કરશે ભારત તરફથી દિલીપ સંઘાણીની મહત્વપુર્ણ ઉપસ્થિતિ



। અમદાવાદ, તા.૪ ।

મેન્ચેસ્ટર (યુ.કે.) ખાતે આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન (ICA) ની સામાન્ય સભાનું આયોજન થયુ હતુ જેમાં ICA ના અધ્યક્ષ એરીયલ ગુઆરકોની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ મહત્વપુર્ણ સંમેલનમાં ભારત તરફથી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહયા હતા.

દિલીપ સંઘાણીએ ICA ના અધ્યક્ષ ગુઆરકો સાથે શુભેચ્છા મુલાકાત કરી અને સહકારી ક્ષેત્રના વૈશ્વિક મુદાઓ પર વિચાર વિમર્શ કર્યો હતો જેમાં ભારતની સહકાર શકિતએ સમગ્ર દેશમાં સહકારી પ્રવૃતિના માધ્યમથી અનેક ક્ષેત્રીય પ્રદેશોમા વિકાસની હરણફાળ ભરી છે આ શકિત, વ્યવસ્થા અને વિકાસની સહકારી પ્રવૃતિના માધ્યમથી દેશ-દૂનિયાને જોડવાનું કામ સહકાર કરશે તેવો આત્મવિશ્વાસ યુ.કે. ના મેન્ચેસ્ટર ખાતે યોજાયેલ આઈસીએની સામાન્ય સભામા આઈસીએના અધ્યક્ષ એરીયલ ગુઆરકો, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી એ સુરવ્યકત કરતા જણાવેલ, ભારતનું પ્રતિનિધિ મંડળ યુ.કે. ના પ્રવાસે છે જેમા સંઘાણી સહિત વિશ્વના વિવિધ દેશોથી આવેલા સહકારી નેતોઓ સામેલ છે.

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવેમ્બર-૨૦૨૪ માં નવી દિલ્હી ખાતે જાહેર કરાએલા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ (International Year of Coope®aives - IYC 2025) ની માહિતી થી સૌને વાકેફ કર્યા હતા.

દિલીપ સંઘાણીએ આઈ.સી.એ.ની સામાન્ય સભામા વિશ્વના દેશોથી આવેલા સહકારી નેતાઓ સાથે ભારતમાં IYC 2025 ના અન્વયે અમલમાં મુકાયેલા સહકારી પ્રવૃતિ અને યોજાનાઓની માહિતી આપી હતી જેમાં ઈફકોની ઉપલબ્ધીઓ, સાથોસાથ ધાન ઉત્પાદનને અગ્રતા આપવાનું પણ ચર્ચામા જણાવાયેલ. સહકારી પ્રવૃતિથી આત્મનિર્ભર બનવા નાગરિકોને તમામ પ્રકારની ટ્રેનીંગ અને માર્ગદર્શન આપવામા આવે છે જેવા વિવિધ મુદાઓની જાણકારી આપવામાં આવી હતી. અત્રે નોંધવુ ઘટયુ હતુ કે આ બેઠકમાં દિલીપ સંઘાણીની હાજરીને વિશેષ મહત્વ મળ્યુ અને તેઓએ ભારતના સહકારી આંદોલનને વૈશ્વિક મંચ પર ઉતમ રીતે રજુ કર્યું હતુ.

આ તકે ICA(AP) એશીયાના ચેરમેન ડો. ચંદ્રપાલસિંહ યાદવ, ડો.યુ.એસ. અવસ્થી, ગુજરાત મહિલા ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીના ચેરમેન ગીતાબેન સંઘાણી, મનીષભાઈ સંઘાણી, ઈફકોના ડાયરેકટર ભાવેશભાઈ રાદડીયા સહિત સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીના અંત જણાવાએલ છે.

# આણંદ જિલ્લામાં ઓઇલ પામ માટે મેગા પ્લાન્ટેશન ડ્રાઇવ યોજાઈ



। (માહિતી) આણંદ, તા.૪ ।

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના અલારસા ગામ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત ઝુંબેશ અંતર્ગત રાજ્યના બાગાયત વિભાગ અને પતંજલિ ફૂડ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે મેગા ઓઈલ પામ પ્લાન્ટેશન ડ્રાઈવ યોજાઈ હતી. જે અંતર્ગત આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના અલારસા ગામે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત અલારસા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી અલ્પેશભાઈ જયંતિભાઈ પટેલના ખેતરમાં ટેનેરા જાતના કુલ ૧૭૫ થી વધુ ઓઈલ પામના રોપાઓનું ૧.૨૫ હેક્ટર જમીનમાં સફળ વાવેતર કરવામાં આવ્યું છે. તેમણે પરંપરાગત ખેતીને બદલે નવિન અભિગમ સ્વીકારી ઓઈલ પામની ખેતી તરફ વળીને વિસ્તૃત અને સ્થિર આવકનો માર્ગ અપનાવ્યો છે. આણંદના નાયબ બાગાયત નિયામકશ્રી ડૉ. સ્મિતા પિલ્લાઈએ જણાવ્યું કે, આણંદ જિલ્લામાં કુલ ૫૮ હેક્ટરથી વધુ જમીનમાં ઓઈલ પામનું વાવેતર થયું છે. તેલની વધતી માંગને પહોંચી વળવા ઓઈલ પામ પાક શ્રેષ્ઠ વિકલ્પ બની રહ્યો છે. ચાલુ વર્ષે હાલ સુધીમાં કુલ ૮.૦૭ હેક્ટર જમીનમાં ઓઈલ પામનું વાવેતર કરવામાં આવ્યું છે, અન્ય પરંપરાગત તેલ પાકો પ્રતિ હેક્ટર અંદાજે ૭૦૦ કિ.ગ્રા. તેલ આપે છે, જ્યારે ઓઈલ પામ પાકથી ૫૦૦૦ કિ.ગ્રા. સુધી ઉત્પાદન શક્ય બને છે, જેનાથી આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે અને ખેડૂતો વધુ આવક મેળવી શકશે. તેમણે વધુમાં જણાવ્યું કે ઓઈલ પામની યોજનામાં ખેડૂત તેમજ સંસ્થાકીય જમીન ધારકોને લાભ મળવા પાત્ર રહે છે, તેમાં તેમને પ્લાંટીંગ મટીરીયલ ઉપરાંત આંતર પાક અને ઈંટેનશ ખર્ચની સહાય મળવા પાત્ર રહે છે. નાયબ બાગાયત નિયામકશ્રીએ સરકાર દ્વારા ઓઈલ પામના ટેકાનાં ભાવ નક્કી કરવામાં આવતાં હોય ખેડૂતો એક સ્થિર આવક મેળવી શકે છે, જેથી આણંદ જિલ્લાના વધુમાં વધુ લાભાર્થીઓ લાભ મેળવે તેવો અનુરોધ કર્યો હતો.

# ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે મોહર્રમના તહેવાર નિમિતે પી. આઈ ગૌરવ ગામીતની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આગામી રવિવાર ૦૬-૦૭-૨૦૨૫ ના રોજ મોહર્રમનો તહેવાર આવતો હોઈ ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે ૦૪-૦૭-૨૦૨૫ ના રોજ શાંતિ સમિતિની બેઠક ઈ.પી.આઈ ગૌરવ ગામીત તેમજ પી.એસ.આઈ આર.વી. રાઠોડની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી. આ મીટીંગમાં દરેક સમાજના લોકો ઉપસ્થિત રહેલ હતા. પી.આઈ ગામીત દ્વારા મોહર્રમના તહેવાર નિમિત્તે નીકળનાર જુલૂસના રૂટ અંગે માહિતી લઈ જરુરી સુચન આપેલ હતા.

જુલૂસ મંજૂરી મુજબના રૂટ પર થી જ નીકળશે તેમજ નિર્ધારિત ટાઈમ થી નીકળે તે માટે પણ અપીલ કરી હતી. જુલૂસ દરમિયાન ડી.જે નો અવાજ વધુ ન રાખવો તેમજ કોઈ પણ વ્યક્તિએ ખોટા નિવેદન કે ઉશ્કેરણી થાય તેવા નિવેદન કે વાતો ન કરવી.

સોશિયલ મીડિયામા કોઈના ધર્મને હાનિ પહોંચે તેવી પોસ્ટ ન મૂકવી તેમજ કોઈ પણ ગેરમાર્ગે દોરે તેવી અફવાઓ થી દૂર રહેવું. કોઈ પણ અફવા જે તંગદિલી વધારી શકે તેવી હોય તો પોલિસનો તાત્કાલિક સંપર્ક કરવો. તેમજ મોહર્રમના તહેવાર નિમિત્તે પોલિસ દ્વારા જુલૂસ નીકળશે તે રૂટ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત સાથે પેટ્રોલીંગ કરશે.

# સાંસદ પૂનમબેન માડમની અધ્યક્ષતામાં સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



। (માહિતી) જામનગર, તા.૪ ।

જામનગર તા.૦૩ જુલાઈ, જામનગરની સુપ્રસિદ્ધ અને નવ દાયકા જૂની શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ધોરણ ૯ અને ૧૧ માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ - ૨૦૨૫ અંતર્ગત એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સાંસદ શ્રી પૂનમબેન માડમની અધ્યક્ષતામાં આયોજિત આ સમારોહમાં દીકરીઓને શિક્ષણ અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન, સાંસદશ્રી અને અન્ય મહેમાનોના હસ્તે ધોરણ ૯ અને ૧૧માં પ્રવેશ મેળવનાર દીકરીઓને પાઠ્યપુસ્તકો અને યુનિફોર્મ આપીને શાળામાં તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ધોરણ ૯ થી ૧૨માં પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

સાંસદ શ્રી પૂનમબેન માડમે વિદ્યાર્થીનીઓને સંબોધતા જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે સાથે રમતગમત, સાહસ અને હિંમત પણ કેળવવા અત્યંત જરૂરી છે. તેમણે દીકરીઓને મક્કમ નિર્ધાર સાથે પોતાના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પ્રગતિ કરવા પ્રેરિત કરી હતી. આ તકે, પર્યાવરણ સંરક્ષણનો સંદેશો આપવા માટે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આચાર્યા, શાળા સ્ટાફ અને વિદ્યાર્થીની બહેનો દ્વારા સમારોહના સુંદર આયોજન અને સુશોભન બદલ સાંસદશ્રીએ તેમની જહેમતને બિરદાવી હતી.

આ પ્રસંગે જામનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી નીલેશભાઈ કગથરા, જામનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી પરસોત્તમભાઈ કકનાણી, શાસનાધિકારી શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ, આગેવાન શ્રી બીનાબેન કોઠારી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય શ્રી વિમલભાઈ સોનછાત્રા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સહકાર રાજ્યમંત્રીશ્રીએ કાર્યક્રમના વિવિધ સ્થળોની મુલાકાત લઈ જાણકારી મેળવીને વિસ્તૃત સમીક્ષા કરી

। (માહિતી) આણંદ, તા.૪ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ આણંદ ખાતે એન.ડી.ડી.બી અને અમૂલ ખાતેના બે- દિવસીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીશ્રીના કાર્યક્રમને લઈને સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ પદે એન. ડી.ડી.બી,આણંદ ખાતે સમિક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જી.સી.એમ.એમ.એફ.ના એમ. ડી. જયન મહેતા,એન.ડી.ડી.બી.ના ચેરમેન શ્રી મિનેષભાઈ શાહ અને અમુલ ડેરીના એમ.ડી ડૉ અમિતભાઈ વ્યાસ દ્વારા સહકાર રાજ્ય મંત્રીશ્રીને અમુલ અને એન.ડી.બી ખાતે બે દિવસ દરમિયાન કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા વર્ણવી હતી. મંત્રીશ્રીએ હેલીપેડ કૃષિ યુનિવર્સિટી, વાલ્મિ અને અમૂલની મુલાકાત લઈ જાત નિરીક્ષણ કર્યું હતું.જેને ધ્યાને લઈને મંત્રીશ્રીએ જરૂરી રચનાત્મક સૂચનો પણ કર્યા હતા. સમીક્ષા બેઠકમાં કેન્દ્ર સરકારના સંયુક્ત સચિવ શ્રી, રાજ્ય સહકાર વિભાગના સચિવ શ્રી સંદીપ કુમાર, જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી,આણંદ મહાનગર પાલિકા કમિશનર શ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, સાંસદ શ્રી મિતેશ ભાઈ પટેલ, આણંદના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ અને એન.ડી.ડી.બી. અને અમૂલના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ૨૧ ઓગસ્ટ સુધી અમદાવાદ-નાગપુર પ્રેરણા એક્સપ્રેસ


। અમદાવાદ, તા.૪ ।

મધ્ય રેલ્વેના નાગપુર સ્ટેશન પર મેજર અપગ્રેડેશન કાર્ય માટે ૫૨ દિવસના પ્રસ્તાવિત બ્લોકને કારણે, અમદાવાદ-નાગપુર-અમદાવાદ પ્રેરણા એક્સપ્રેસ અજની અને નાગપુર સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે.

- ૩ જુલાઈ ૨૦૨૫ થી ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૨૨૧૩૮ અમદાવાદ-નાગપુર પ્રેરણા એક્સપ્રેસ અજની સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને અજની-નાગપુર વચ્ચે આંશિક રીતે રદ રહશે .
- ૫ જુલાઈ ૨૦૨૫ થી ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૨૨૧૩૭ નાગપુર-અમદાવાદ પ્રેરણા એક્સપ્રેસ અજની સ્ટેશનથી ઉપડશે અને નાગપુર-અજની વચ્ચે આંશિક રીતે રદરહશે.

ટ્રેનોના સ્ટોપેજ અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. વેપારી લોકો આજે અનુભવી લોકો જોડે વેપાર આગળ વધારવા માટે સલાહ લયી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. કેટલાક મહત્વના મુદ્દા સાથે કામ પાડવાની તમારી રીત કેટલાક સહ-કર્મચારીઓને નહીં ગમે-પણ તેઓ કદાચ આ વિશે બધું જ નહીં કહે- તમને જો એવું લાગે કે પરિણામો યોગ્ય અથવા તમે ઈચ્છો છો એવા નથી.



**કર્ક (ડ,હ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમારૂં જીવન એક સુંદર વળાંક લેશેઅનોય તમારે વધારો પડતો સમય માગશે-તેમને કોઈ વચન આપો એ પૂર્વે તકેદારી રાખે કે તમારા કામા પર તેની અસર ન થાય.



**સિંહ (મ,ટ) :**

આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિશ કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.



**તુલા (ર,ત) :**

આજે તમે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. નવા વિચારો ઉત્પાદક હશે. ઘર ના કામકાજ પૂર્ણ કર્યા પછી, આ રાશિ ની ગૃહિણીઓ આજે મફત સમય માં ટીવી અથવા મોબાઈલ પર મૂવી જોઈ શકે છે. તમારા જીવનસાથીના વતર્તન વિશે તમને અજુગતું લાગશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ, પણ જો તમે કામ કરી રહ્યો હો તો તમારે બિઝનેસને લગતા સોદાઓમાં સાવચેતી રાખજો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.



**મકર (ખ,જ) :**

આજે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.



ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કુદરતી આફતોને કારણે કેદારનાથ ધામ તરફ જતો માર્ગ બંધ થયા બાદ બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે.

### હાઈકોર્ટે ૨૫ વર્ષ જૂનો આદેશ પલટ્યો

# નવાબી સંપત્તિ મામલે સૈફ અલી ખાનને મોટો ઝટકો

## સમગ્ર કેસની નવેસરથી સુનાવણી કરવામાં આવશે, આ સાથે, ટ્રાયલ કોર્ટને ૧ વર્ષની અંદર ચુકાદો આપવા આદેશ

। (એજન્સી) ભોપાલ, તા.૪ ।

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ભોપાલ રાજ્યના નવાબ હમીદુલ્લા ખાનની મિલકતના વારસા અંગે ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયને રદ કરી દીધો છે. ટ્રાયલ કોર્ટે આ નિર્ણય વર્ષ ૨૦૦૦માં આપ્યો હતો. કોર્ટે હવે કહ્યું છે કે, સમગ્ર કેસની નવેસરથી સુનાવણી કરવામાં આવશે.

આ સાથે, ટ્રાયલ કોર્ટને ૧ વર્ષની અંદર ચુકાદો આપવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. આ સમગ્ર કેસમાં, નવાબ હમીદુલ્લાહ ખાનના મોટા ભાઈના વંશજો બેગમ સુરૈયા, કામરાતાજ રાબિયા સુલતાન અને અન્ય વતી અપીલ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં પૂર્વ ક્રિકેટર નવાબ મન્સૂર અલી ખાન પટૌદી, શર્મિલા ટાગોર, સૈફ અલી ખાન, સબા સુલ્તાન, સોહા અલી ખાનને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા. કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં, બાકીના વારસદારોએ મુસ્લિમ પર્સનલ લૉ અનુસાર મિલકતના વિભાજનની માંગણી ઉઠાવી છે. જેમાં, અરજદાર દ્વારા ટ્રાયલ કોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, ટ્રાયલ કોર્ટે ખોટી રીતે ધારી લીધું છે કે નવાબની અંગત મિલકતો ગાદીનો ભાગ છે. આમ, તે આપમેળે ગાદીના વારસદારને ટ્રાન્સફર થઈ જશે. મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં સૈફ અલી ખાનની મિલકતો છે. તેના સંદર્ભમાં કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. અરજદારની દલીલના જવાબમાં કોર્ટે કહ્યું કે, મિલકતોનો ઉત્તરાધિકાર સાથે કોઈ સંબંધ નથી.

મિલકતોનું વિભાજન વારસાના કાયદા અનુસાર કરવામાં આવશે. આ જ કારણ છે કે મધ્યપ્રદેશ હાઈકોર્ટે ભોપાલ ટ્રાયલ કોર્ટના ૨૫ વર્ષ જૂના નિર્ણયને રદ કર્યો છે. આ સાથે, તેણે આદેશ આપ્યો કે સમગ્ર કેસની નવેસરથી સુનાવણી કરવામાં આવે અને આગામી એક વર્ષમાં ચુકાદો આપવામાં આવે. મધ્ય પ્રદેશ હાઈકોર્ટે આ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને રદ કરવાનો આધાર બનાવ્યો છે.

## ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં ૯૪ પેલેસ્ટેનિયન નાગરિકોનાં મોત

। (એજન્સી) તેલ અવિવ, તા.૪ ।

ઈઝરાયેલે ગાઝા ઉપર કરેલા હવાઈ હુમલા અને ગોળીબારની ઘટનામાં કુલ ૯૪ પેલેસ્ટેનિયનનાં મોત નિપજ્યા છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ ગાઝા માનવ સંસ્થા સાથે સંકળાયેલા સ્થળો પર ઈઝરાયેલી સૈનિકોએ કરેલા હુમલામાં પાંચ લોકોનાં મોત થયા હતા. જ્યારે ગાઝા પટ્ટીમાં અન્ય સ્થળોએ મદદ માટે કતારમાં ઊભા રહેલાં લોકો પર ગોળીબાર કરાતા ૪૦નાં મોત થયા હોવાની પુષ્ટિ થઈ હતી. બુધવારે રાતથી ગુરુવારે સવાર સુધી ઈઝરાયેલે ગાઝા ઉપર હવાઈ હુમલાઓ પણ કર્યા હતા જેમાં સંખ્યાબંધ લોકોના મોત થયા હતા. ઈઝરાયેલે મુવાસી ઝોનને નિશાન બનાવીન ટેન્ટ પર હુમલો કર્યો હતો જેમાં ૧૫નાં મોત નિપજ્યા હતા. આ વિસ્તારમાં હાલમાં સંખ્યાબંધ પેલેસ્ટેનિયન શરણ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગાઝા શહેરમાં એક શાળા પર કરાયેલા હવાઈ હુમલામાં વધુ ૧૫ વિસ્થાપિતોનાં મોત થયા હતા.

## પાકિસ્તાનના અનેક સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ગુરુવારે એવા સમાચાર સામે આવ્યા છે કે બુધવારે કેટલાક એકાઉન્ટ્સ પરથી પ્રતિબંદ હટાવ્યા બાદ હવે ફરીથી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ભારતમાં પાકિસ્તાનના સેલેબ્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ ઉઠાવવાના સમાચારો વહેતા થયા બાદ ભારે હંગામો જોવા મળ્યો હતો. જેથી કરીને હવે ફરીથી પ્રતિબંધ લાગ્યો છે. જે સેલેબ્સના એકાઉન્ટ્સ પર આ કાર્યવાહી થઈ તેમાં માવરા હોકેન, યુમના જૈદી, હાનિયા આમિર અને ફવાદ ખાન જેવા મોટા નામ સામેલ છે. તેમના ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર (હવે એક્સ) એકાઉન્ટ્સને ભારતમાં ફરથી બ્લોક કરી દેવાયા છે. ઈન્ડિયા ટુડેમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ ભારતે ફરીથી પ્રતિબંધ લગાવ્યો છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો બુધવારે અચાનક સમાચાર આવ્યા કે કેટલાક પાકિસ્તાની સેલેબ્સના એકાઉન્ટ્સ અને ચેનલો પરથી પ્રતિબંધ હટ્યો છે. માવરા હોકેન, યુમના જૈદી, અહદ રઝા મીર અને દાનિશ તૈમૂર જેવા સિતારોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ ભારતમાં ફરીથી દેખાવવા લાગ્યા હતા.

## ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર મંત્રણા અંતિમ તબક્કામાં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર થઈ રહ્યા છે. આગામી ૪૮ કલાકમાં મોટી જાહેરાત થઈ શકે છે. ભારત-યુએસ વચ્ચેનો વેપાર કરાર અંતિમ ચરણમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી લાગુ રેસિપ્રોકલ ટેરિફ પર રોકની ડેડલાઈન ૯ જુલાઈના રોજ પૂરી થઈ રહી છે. અગાઉ બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ પર મહોર વાગવાની હતી, પરંતુ ભારત કૃષિ ક્ષેત્રે પોતાની શરતો પર અડગ રહેતાં ડીલ ખોરંભે પડી હતી. છેલ્લા થોડા દિવસથી ભારત અને અમેરિકા બંને દેશો તરફથી ટ્રેડ ડીલ પર કરાર મુદ્દે નિવેદનો આવી રહ્યા છે. મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે વેપાર કરારની વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી છે. ટૂંકસમયમાં જ જાહેરાત થઈ શકે છે. જો કે, ભારત કૃષિ અને ડેરી ક્ષેત્રે અમુક શરતો માનવાનો ઈક્કાર કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. ભારતે કપડાં, જેમ્સ-જ્વેલરી, ચામડું, પ્લાસ્ટિક અને કેમિકલ જેવા ક્ષેત્રોમાં અમુક રાહતોની માગ કરી છે.

### સંરક્ષણ ખરીદી કાઉન્સિલની બેઠકમાં નિર્ણય

# લશ્કરી દળો માટે રૂ.૧ લાખ કરોડનાં શસ્ત્રો ખરીદવાની દરખાસ્તને મંજૂરી

## દરિયાઇ સુરંગો, સુપર રેપિડ ગન માઉન્ટ અને સબમર્સિબલ ઓટોનોમસ જહાજોની ખરીદી માટે પણ મંજૂરી અપાઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પાકિસ્તાન સાથેના તાજેતરના લશ્કરી સંઘર્ષના થોડા સપ્તાહ પછી સંરક્ષણ મંત્રાલયે રૂ.૧.૦૫ લાખ કરોડના શ્રેણીબદ્ધ મિલિટરી હાર્ડવેર અને પ્લેટફોર્મ ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપી છે. આનાથી ભારતના લશ્કરી દળો માટે ૧૨ મરિન કાઉન્ટર મેઝર્સ વેસેલ્સ (MCMVs), બખ્તરબંધ રિકવરી વ્હિકલ્સ, ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ, સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલોની ખરીદી કરવામાં આવશે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી સંરક્ષણ ખરીદી કાઉન્સિલ (DAC)ની બેઠકમાં આ



મહત્વપૂર્ણ ખરીદી પ્રોજેક્ટ્સને મંજૂરી અપાઈ હતી.

ડીએસીએ સ્વદેશી ખરીદી મારફત આશરે રૂ.૧.૦૫ લાખ કરોડના શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપી છે. ભારતીય નૌકાદળ માટે આશરે રૂ.૪૪,૦૦૦ કરોડના ખર્ચે દરિયાઈ સુરંગોનો સામનો કરતાં ૧૨ જહાજો ખરીદવામાં આવશે. છેલ્લા ૧૫ વર્ષમાં આ MCMV ખરીદવાના ઓછામાં ઓછા ત્રણ નિષ્ફળ પ્રયાસો પછી આ મંજૂરી આપવામાં આવી છે. લગભગ સાત વર્ષ પહેલાં માઈનસ્વીપર જહાજો તરીકે જાણીતા MCMV ખરીદવા માટે દક્ષિણ કોરિયાની એક સંરક્ષણ કંપની સાથે ભારતે વાટાઘાટો કરી હતી, પરંતુ વિવિધ મુદ્દાઓને કારણે આ વાટાઘાટો તૂટી પડી હતી. ભારતીય નૌકાદળ પાસે હાલમાં કોઈ MCMV નથી. તેથી નોકાદળ પાણીની અંદરની સુરંગ શોધવા, ટ્રેક કરવા અને નાશ કરવા માટે વિશિષ્ટ યુદ્ધ જહાજો મેળવવા માટે જોરદાર પ્રયાસ કરી રહ્યું છે.સામાન્ય રીતે દરિયાઈ વેપાર અને જહાજોને અવરોધિત કરવા માટે દુશ્મન દેશો આવી દરિયાણ સુરંગો બિછાવતા હોય છે.

દરખાસ્ત મુજબ MCMVsનું ઉત્પાદન ભારતમાં કરાશે. ડીએસીએ બખ્તરબંધ રિકવરી વ્હિકલ, ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલી, સંકલિત સામાન્ય ઈન્વેન્ટરી મેનેજમેન્ટ સિસ્ટમ અને સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલોની ખરીદી માટેની દરખાસ્તને પણ મંજૂરી આપી છે. દરિયાઈ સુરંગો, સુપર રેપિડ ગન માઉન્ટ અને સબમર્સિબલ ઓટોનોમસ જહાજોની ખરીદી માટે પણ મંજૂરી અપાઈ છે.

### BCCIની ગાઈડલાઈન્સનો કર્યો ભંગ

## ટીમ ખાતર ક્રિકેટર રવીન્દ્ર જાડેજાએ મોટું પગલું ભર્યુ

। (એજન્સી) બર્મિંગહામ, તા.૪ ।

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ એજબેસ્ટન ટેસ્ટના બીજા દિવસે પોતાના બેટથી અદ્ભુત પ્રદર્શન કર્યું. તેણે શુભમન ગિલ સાથે બેવડી સદીની ભાગીદારી કરીને ટીમને ૫૦૦ થી વધુના સ્કોર સુધી પહોંચવાનો માર્ગ મોકળો કર્યો હતો. જોકે તેના માટે તેણે BCCI દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવું પડ્યું. એક અહેવાલ અનુસાર જાડેજાએ બર્મિંગહામ ટેસ્ટના બીજા દિવસે BCCI ની નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SoPs) નો ભંગ કર્યો.ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી, BCCI એ નિયમ બનાવ્યો હતો કે કોઈ પણ ખેલાડી મેદાન પર કે મેદાનની બહાર એકલો નહીં જાય, તેઓ બધા ટીમ બસમાં સાથે મુસાફરી કરશે.રવીન્દ્ર જાડેજા બીજા દિવસે લાઈન ભંગ કરીને જલદી મેદાને પહોંચ્યો. જોકે, તેનો નિર્ણય ટીમના હિતમાં હતો, જેના કારણે તેને કોઈ સજા નહીં મળે. ખરેખર, પહેલા દિવસના અંતે, ઈંગ્લેન્ડે નવો બોલ લીધો.

### કબડ્ડી ખેલાડીને બેદરકારી ભારે પડી

## ગલૂડિયું કરડી જવા છતાં એન્ટી રેબિઝ ઈન્જેક્શન ન લેતા ખેલાડીનું નિધન

। (એજન્સી) બુલંદશહેર, તા.૪ ।

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં રાજ્ય સ્તરીય ૨૨ વર્ષીય કબડ્ડી ખેલાડી બૃજેશ સોલંકીએ શ્વાનના કરડ્યા બાદ કથિત રૂપે હડકવાંની રસી નહતી લીધી, જેના કારણે તેમનું મૃત્યું નિપજ્યું. ખેલાડીના મૃત્યુ બાદથી પરિજનો શોકમાં ગરકાવ છે. મળતી માહિતી મુજબ, બૃજેશ સોલંકી ખુર્જાનગર કોતવાલી વિસ્તારના ફરાના ગામનો નિવાસી હતો. તેને લગભગ બે મહિના પહેલાં એક શ્વાન કરડ્યું હતું. પરંતુ, તેણે આ ઘટનાને ગંભીરતાથી ન લીધી. બાદમાં ૨૮ જૂને અચાનક તેની તબિયત ખરાબ થવા લાગી. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, તેમ છતાં તે બચી ન શક્યો. બૃજેશના ભાઈ સંદીપે આ વિશે વાત કરતા જણાવ્યું કે, બે મહિના પહેલાં એક ગલુડિયું નાળામાં ફસાઈ ગયું હતું. તેને બચાવવાના પ્રયાસમાં ગલુંડિયું બૃ



જેશની આંગળી પર કરડી ગયું. એ સમયે બૃજેશે વિચાર્યુ કે, આ કોઈ ગંભીર બાબત નથી અને તેણે હડકવાની રસી ન લીધી. બાદમાં અલીગઢની એક ખાનગી હોસ્પિટલે પુષ્ટિ કરી કે, તેને કોઈ જાનવરે કરડ્યું હતું, કદાચ વાંદરો અથવા શ્વાન.બૃજેશની મોત બાદ સ્વાસ્થ્ય વિભાગની ટીમે તેની હિસ્ટ્રી લઈને પરિવાર સાથે ડૉક્ટર્સના ગામમાં ૨૯ લોકોને હડકવાની રસી લગાવી છે. આ સિવાય તમામને અપીલ કરી કે, જે પણ બૃજેશના સંપર્કમાં આવ્યા હતા, તે તુરંત રસી લગાવી લે.

## ઇડીએ સ્પેનમાં રૂપિયા ૧૩૧ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

અનેક રોકાણકારો સાથે છેતરપિંડી આચરવા બદલ નકલી ફોરેક્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ સામેના કેસમાં એન્ટી મની લોન્ડરિંગ કાયદા હેઠળ ઈડીએ સ્પેનમાં એક યાટ, એક હોડી, બે મકાનો અને અન્ય સંપત્તિ ટાંચમાં લીધી છે જેનું કૂલ મૂલ્ય ૧૩૧ કરોડ રૂપિયાનું વધુ આંકવામાં આવ્યું છે.આ પ્લેટફોર્મનું નામ ઓક્ટાએફએક્સ છે. ફેડરલ તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવામાં આવેલી આ સંપત્તિઓ પવેલ પ્રોઝોરોવની છે. જે ઓક્ટાએફએક્સ પાછળનો માસ્ટરમાઈન્ડ છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ પ્રોવિઝનલ ઓર્ડર જારી કરીને સ્પેનમાં વૈભવી યાટ, મિનિજેટ બોટ, મોંઘી કાર અને બે રેસિડેન્સિયલ પ્રોપર્ટી ટાંચમાં લેવામાં આવી છ. આ મિલકતોની કુલ કીંમત ૧૩૧ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. પુણેના શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને આધારે ઈડીએ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો હતો. આ એફઆઈઆરમાં કેટલાક લોકો પર ઓક્ટાએફએક્સ ફોરેક્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ દ્વારા ઉંચુ વળતર આપવાનું ખોટું વચન આપીને રોકાણકારો સાથે છેતરપિંડી આચરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઈડીના જણાવ્યા અનુસાર ઓક્ટાએફએક્સ એક બિન સત્તાવાર ફોરેક્સ બ્રોકર હતું.

## મહારાષ્ટ્રમાં શિંદેએ જય ગુજરાતના નારા લગાવ્યા તો વિપક્ષને વાંધો પડ્યો

। (એજન્સી) પુણે, તા.૪ ।

મહારાષ્ટ્રમાં હાલમાં મરાઠી વિરુદ્ધ ઉત્તર ભારતીયનો મુદ્દો ખૂબ જ ગરમાઈ રહ્યો છે. પ્રો-મહારાષ્ટ્ર પોલિટિક્સની વચ્ચે હવે શિવસેના યુબીટીના નેતાઓને જય ગુજરાત શબ્દ પર પણ વાંધો થવા લાગ્યો છે. આજે પુણેમાં એક મંચ પર દેશના ગૃહમંત્રી અમિત શાહ સાથે મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે બેઠા હતા. આ દરમિયાન શિંદે પોતાના ભાષણના અંતમાં જય હિન્દ, જય મહારાષ્ટ્ર અને જય ગુજરાત લાઈન બોલ્યા હતા. તેના પર શિવસેના ઉદ્ધવ જૂથે વિરોધ નોંધાવ્યો છે અને શિંદેની પાર્ટીને ડુપ્લીકેટ શિવસેના ગણાવી દીધી છે.




રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ડ્યુરાન્ડ કપ ટુર્નામેન્ટ ૨૦૨૫ની ટ્રોફીનું અનાવરણ અને ઝંડી બતાવી.


### પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**કેટરિંગ સેવાઓના કરાર માટે ઈ-હરાજી માટે આમંત્રણ કરવાની સૂચના**

અમદાવાદ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરનું કાર્યાલય - પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ - ૩૮૨૩૪૫; **ફાઇલ નં. C45/Catering/E-Auction/ADI (૩૨૫૦૩૪);** અમદાવાદ ડિવિઝન પર કેટરિંગ યુનિટ્સમાં કેટરિંગ સેવાઓના કરાર માટે ઈ-ઓક્શન મંગાવવામાં આવ્યું છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નં. | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|
| ADI-CTG-06-25 | Misc-સ્ટેટિક-સેવાઓ - વોટર વેન્ડીંગ મશીનસ | બધા લોટ માટે ઇ - હરાજી ૨૧/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ વાગ્યે શરૂ થશે. |
| CTG-ADI-07-24 | કેટરિંગ | બધા લોટ માટે ઇ - હરાજી ૨૧/૦૭/૨૦૨૫ ના રોજ ૧૩:૦૦ વાગ્યે શરૂ થશે. |

**નોંધ:** સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ-વાઇઝ વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. અનુગામી લોટ ક્લોઝિંગ અંતરાલ 10 મિનિટ છે. લોટ-વાઇઝ ક્લોઝિંગ સમય IREPS ના ઇ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. ADI - 097

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ

**નવા કામો અને તમામ સામાન્ય સમારકામ, રનિંગ લાઇનમાં સુધારો અને અપગ્રેડેશન અને જારી કરાયેલ સ્લીપર મર્યાદા માટમ પૂરી પાડવી**

**ઈ-ટેન્ડર નોટિસ નં.** 19 **વર્ષ** 2025-26, **તારીખ:** 04/07/2025; **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001, વેબસાઈટ : www.ireps.gov.in

| અ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત NIT ખર્ચ | અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-28R | ૨૦૨૫-૨૬ ના ઝોન નંબર 07 એટલે કે દ્વારકા (સહિત) થી ઓખા (સહિત) સુધીના નવા કામો અને ₹ ૫ લાખ સુધીના તમામ સામાન્ય સમારકામ, જે આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) જામનગરના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. | ૮૭,૮૨,૧૯૩.૦૮ | ૧,૭૫,૭૦૦.૦૦ |
| 2 | DRM-RJT-2024-25-E-88R1 | રાજકોટ મંડળ: ફેઝ-I હેઠળ મૂળી રોડ, રામપરડા, થાન અને વાગડિયા યાર્ડની પેસેન્જર રનિંગ લાઇનમાં સુધારો અને અપગ્રેડેશન. | ૫,૩૮,૫૬,૬૯૦.૮૮ | ૪,૧૯,૩૦૦.૦૦ |
| 3 | DRM-RJT-2025-26-E-04R1 | રાજકોટ મંડળ: સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) ના અધિકારક્ષેત્ર હેઠળ જારી કરાયેલ સ્લીપર મર્યાદા માટમ પૂરી પાડવી. રાજકોટ (સંખ્યા 8000) | ૨,૧૬,૯૫,૬૯૩.૧૨ | ૨,૫૮,૫૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ૨૮/૦૭/૨૦૨૫, ૧૫:૦૦ કલાકે**

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly RJT-066

## GIDCના ઔદ્યોગીક વિસ્તારોમાં કેટલાક ઔદ્યોગિક એકમોમાં GPCBનું ઓચિંતું ચેકીંગ

। (એજન્સી) જામનગર, તા.૪ ।

જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગર અને દરેડના ઔદ્યોગીક વિસ્તારોમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ ઔદ્યોગીક એકમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. છેલ્લા પખવાડિયા દરમિયાન કુલ સાત એકમો વિરુધ્ધ કાર્યવાહી કરાઈ છે. જામનગર નજીક દરેડ સહિતના વિસ્તારોમાં પ્રદુષણ મુદ્દે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગર અને દરેડના ઔદ્યોગીક વિસ્તારોમાં ચાલતા કેટલાક ઔદ્યોગીક એકમો દ્વારા ગંદા કેમીકલ યુકત પાણી યોગ્ય રીતે શુધ્ધ કર્યા વિના સીધુ કેનાલ છોડતા પર્યાવરણ ઉપર અસર પહોંચે છે. જેને લઈ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ મામલે ત્રણ ઔદ્યોગીક એકમોમાં પ્રદુષણને લઇ કાર્યવાહી હાથ ધરાઈ હતી, અને આ અંગેનો વિગતવાર અહેવાલ ઉચ્ચકક્ષાએ મોકલવામાં આવ્યો છે. છેલ્લા એકાદ પખવાડિયામાં કુલ સાત યજેટલા ઔદ્યોગીક એકમો સામે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ પ્રકારની કામગીરી કરવામાં આવી છે.

## અંકલેશ્વરમાં પીરામણ ગામની સ્કૂલમાં લોખંડનો રેક ધરાશાયી થયો

। (એજન્સી) અંકલેશ્વર, તા.૪ ।

ભરુચમાંથી એક દુ:ખદ ઘટના સામે આવી છે. અંકલેશ્વરની એક શાળામાં કરુણ દુર્ઘટના સર્જાઈ જેમાં અકસ્માતે એક બાળકનું મોત નિપજયું હોવાનું સામે આવ્યું છે. અંકલેશ્વરમાં પીરામણ ગામની પ્રાથમિક શાળામાં આ બનાવ બન્યો. જેમાં શાળાના ખુલ્લા ભાગમાં બાળકો રમત રમી રહ્યા હતા. દરમિયાન અચાનક લોખંડનો રેક ધરાશાયી થતા બાળકનું મોત નિપજયું. ઘટનાની જાણ થતા જ પોલીસ પ્રાથમિક શાળાએ પહોંચી સમગ્ર મામલે તપાસ હાથ ધરી. પીરામણ ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં બપોરના સમયે આ બનાવ બનવા પામ્યો છે. જ્યાં શાળાના સંકુલમાં બાળકો માટે રમતગમતના હિંચકા અને લપસણી જેવા જુદી-જુદી વસ્તુઓ મૂકવામાં આવી હતી ત્યાં બાળકો રમતનો આનંદ લેતા હતા. દરમિયાન રમત માટે બનાવવામા આવેલ નીચે અને નીચેથી ઉપર ચઢવા માટે બનાવવામાં આવેલ લોખંડનો રેક અચાનક ધરાશાયી થયો. જે ત્યાં રમતા હાર્દિક નામના એક બાળક પર પડ્યો. લોખંડના હાર્દિકના માથા પર પડતા તેને ગંભીર ઈજા થઈ. બાળકને ગંભીર ઈજા થતા તેને શાળાના સ્ટાફ અને શિક્ષકો દ્વારા પીરામણની એચ.એમ.પી. હોસ્પિટલમાં લઈ જવાયો. જ્યાં એચ.એમ.પી. હોસ્પિટલના તબીબોએ તેને વધુ સારી સારવાર માટે જયાબહેન મોદી હોસ્પિટલમા રિફર કર્યો હતો. પરંતુ ત્યાં સારવાર મળે તે પહેલા જ ગંભીર ઈજાને પગલે ૬ વર્ષીય હાર્દિક નામના બાળકનું મોત નિપજયું. ઘટનાની જાણ થતાં જ એ ડિવિઝન પોલીસે અકસ્માત મોત અંગેનો ગુનો નોંધી તપાસ શરૂ કરી.

### ‘સમૃદ્ધ ગુજરાત–૨૦૨૫’ મેગા પ્રદર્શનમાં પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે લોકોને સાથે કર્યો વાર્તાલાપ

# યુવાનોની સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવા ડાક વિભાગ કરી રહ્યું છે પહેલ : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ







### નાણાકીય સમાવેશન, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે ભારતીય ડાક વિભાગ – પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ, તા.૪ ।

ગુજરાતના અમદાવાદ શહેરમાં સનસા ફાઉન્ડેશન ધ્વારા આયોજિત ‘સમૃદ્ધ ગુજરાત-૨૦૨૫’ મેગા પ્રદર્શન (૩ થી ૫ જુલાઈ ૨૦૨૫) માં ભારતીય ડાક વિભાગનો સ્ટોલ વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. એક તરફ, બાળકો ‘માય સ્ટેમ્પ’ હેઠળ ડાક ટિકિટો પર પોતાના ચિત્રો જોઈને ખુશ છે, તો બીજી તરફ, તેઓ પોતાના પ્રિયજનોને પત્રો લખીને લેટર બોક્સમાં મુકતી વખતે ઘણી બધી સેલ્ફી લઈ રહ્યા છે. આમાંથી ઘણા બાળકોએ પહેલીવાર લેટર બોક્સમાં પત્રો મૂક્યા. આ પ્રસંગે, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ, શ્રી કૃષ્ણ કુમાર યાદવે ઉત્તમ પત્રો લખનારા વિદ્યાર્થીઓને પ્રમાણ પત્રો અને ભેટ આપીને સન્માનિત કર્યા, જ્યારે મેગા પ્રદર્શન દરમિયાન, તેમણે સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતા ખોલનાર છોકરીઓને પાસબુક અને ભેટ આપીને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી. અમદાવાદના નવરંગપુરા સ્થિત સરદાર પટેલ સેવા સમાજ ખાતે આયોજિત ‘સમૃદ્ધ ગુજરાત-૨૦૨૫’ મેગા પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય મુલાકાતીઓને વિવિધ સરકારી યોજનાઓ, કાર્યક્રમો અને પહેલો વિશે માહિતી પૂરી પાડવાનો છે. ખાસ કરીને, આ પ્રદર્શન સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી, ટેકનોલોજીકલ અપગ્રેડેશન, ડિજિટલ કોમ્યુનિકેશન, કૌશલ્ય વિકાસ અને શિક્ષણ અને તાલીમ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં માહિતી પ્રસારિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ વિદ્યાર્થીઓના સર્જનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માટે અનેક પહેલ કરી રહ્યું છે. પોસ્ટ વિભાગના સ્ટોલ પર બાળકોની ભીડ તેમની સર્જનાત્મકતા તેમજ ટપાલ સેવાઓમાં તેમની જિજ્ઞાસા અને રુચિ દર્શાવે છે. મેગા પ્રદર્શનમાં સ્થાપિત આ સ્ટોલ યુવાનોમાં પત્ર લેખન, ડાક ટિકિટ સંગ્રહ અને તેમના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો પ્રશંસનીય પ્રયાસ છે, જે જ્ઞાન અને સાહિત્યના પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે લોકો સાથે વાતચીત કરી અને તેમને ડાક સેવાઓમાં થઈ રહેલા ફેરફારોથી માહિતગાર કર્યા. સોશિયલ મીડિયાના યુગમાં પત્રોની ભાવનાત્મક ભૂમિકા પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે ડાક વિભાગ હવે ફક્ત પત્રો પૂરતો મર્યાદિત નથી રહ્યું, પરંતુ નાણાકીય સમાવેશ, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. બચત બેંક, પોસ્ટલ જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ, ડાક નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જાહેરલક્ષી કાર્યો પોસ્ટ ઓફિસોમાં કરવામાં આવી રહ્યા છે. ‘ડાકિયા ડાક લાયા’ થી ‘ડાકિયા બેંક લાયા’ સુધીની સફરમાં ડાક સેવાઓએ ઘણા નવા પરિમાણો બનાવ્યા છે. ડાક નિર્યાત કેન્દ્રો દ્વારા ODOP, GI, MSME ના ઉત્પાદનો વિદેશમાં પહોંચી રહ્યા છે અને ‘વોકલ ફોર લોકલ’ અને ‘આત્મનિર્ભર ભારત’ ની કલ્પનાને મજબૂત બનાવી રહ્યા છે.

અમદાવાદ સિટી મંડળના પ્રવર ડાક અધિક્ષક શ્રી ચિરાગ મહેતાએ જણાવ્યું કે ડાક વિભાગના સ્ટૉલ પર નાગરિકો માટે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સેવાઓમાં પાર્સલ અને સ્પીડ પોસ્ટ બુકિંગ, આધાર નોંધણી અને સુધારણા, ડાક જીવન વીમા, માય સ્ટેમ્પ, ગંગાજળ, ડાક ટિકિટ તથા ફિલેટેલી સંબંધિત વસ્તુઓની વેચાણ જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, નાણાકીય સમાવેશનના ભાગરૂપે વિવિધ પ્રકારના ખાતાઓ ડિજિટલ રીતે ખોલવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ સ્ટૉલ ડાક વિભાગની નાગરિક કેન્દ્રિત સેવાઓનું પ્રતિબિંબ છે, જે આધુનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સતત વિસ્તરતી રહી છે.

આ અવસરે પ્રવર ડાક અધિક્ષક શ્રી ચિરાગ મહેતા, ડાક ઉપઅધિક્ષક શ્રી એસ. કે. વર્મા, સહાયક ડાક અધિક્ષક શ્રી વિશાલ ચૌહાણ, શ્રી હાર્દિક રાઠોડ, શ્રી રમેશ પરમાર, શ્રી હિતેશ પરીખ, શ્રી અલ્કેશ પરમાર, શ્રી રોનક શાહ, શ્રી ભાવીન પ્રજાપતિ તથા સનસા ફાઉન્ડેશનના પ્રોજેક્ટ મેનેજર શ્રી દીપક સિંહ ઉપરાંત વિવિધ શાળાઓના પ્રિન્સિપાલશ્રી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

## ગુજરાતમાં દીવ અને વેરાવળ વચ્ચે ઈસરોનું સ્પેસ સેન્ટર આકાર લેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાત અવકાશ મિશન નીતિ મોટા આર્થિક અને તકનીકી લાભો પ્રદાન કરશે. એક્વોટરની ગુજરાતની નિકટતા અવકાશ પ્રક્ષેપણમાં ક્રાંતિકારીને વેગ આપશે. ઈસરોનો ૭૦ ટકા કાર્યક્રમ હવે સંદેશાવ્યવહાર, નેવિગેશન અને રિમોટ સેન્સિંગ પર કેન્દ્રિત છે. ચંદ્રયાન-૫, મુખ્ય-પર-મુખ્ય ગગનયાન અને શુક્ર ઓર્બિટ મિશન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. ઈસરો શ્રીહરિકોટા પછી ગુજરાતમાં દેશનું બીજું સૌથી મોટું અવકાશ મથક બનાવવા જઈ રહ્યું છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટેની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. CNBC-Awaaz એ આ મુદ્દે ISRO ના ડિરેક્ટર સાથે વિશિષ્ટ વાતચીત કરી છે. આ વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, દેશનું બીજું સૌથી મોટું સ્પેસ સેન્ટર ગુજરાતમાં રૂ.૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે બનાવવામાં આવશે. ગુજરાત અવકાશ મથક કેન્દ્ર-રાજ્ય સહયોગી પહેલ હેઠળ PPP મોડેલ પર વિકસાવવામાં આવશે. આ હાઈ-ટેક સ્પેસ સ્ટેશન દીવ અને વેરાવળ વચ્ચે બનાવવામાં આવશે. SALV-PSLV અહીંથી લોન્ચ કરવામાં આવશે. નોંધનીય છે કે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)નું મુખ્ય રોકેટ લોન્ચ પેડ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન અવકાશ કેન્દ્રમાં છે. અહીંથી જ ભારતે અત્યાર સુધીમાં ઘણા ઐતિહાસિક મિશન લોન્ચ કર્યા છે. PSLV અને GSLV જેવા રોકેટની મદદથી, દેશ અને વિશ્વના ઘણા ઉપગ્રહોને આ કેન્દ્રથી અવકાશમાં મોકલવામાં આવ્યા છે. ગુજરાત અવકાશ મિશન નીતિ મુખ્ય આર્થિક અને તકનીકી લાભો પ્રદાન કરશે. એકવોટરની ગુજરાતની નિકટતા અવકાશ પ્રક્ષેપણમાં ક્રાંતિકારી ધાર આપશે. ISRO ના કાર્યક્રમનો ૭૦ ટકા ભાગ હવે સંદેશાવ્યવહાર, નેવિગેશન અને રિમોટ સેન્સિંગ પર કેન્દ્રિત છે. ચંદ્રયાન ૫, મુખ્ય ગગનયાન અને શુક્ર ભ્રમણકક્ષા મિશન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. ગુજરાત અવકાશ મથક ભારતના અવકાશ મિશનને નવી ઊંચાઈઓ પર લઈ જશે. તમને જણાવી દઈએ કે ગુજરાત સરકારે એપ્રિલ ૨૦૨૫ માં વિવિધ પ્રોત્સાહનો અને નાણાકીય સહાય દ્વારા અવકાશ ટેકનોલોજી ક્ષેત્રના ઉદ્યોગોને ટેકો આપવા માટે એક સમર્પિત નીતિની જાહેરાત કરી હતી. આ જણાવાયું છે કે સ્પેસટેક પોલિસી ૨૦૨૫-૨૦૩૦ ના લોન્ચ સાથે, ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે.

### બાબા આબેંડકરના પોસ્ટર ફાટતા ભારે વિવાદ

# થરા આજુબાજુમાં મેઘરાજાનું ધીમી ધારે આગમન.. ગરમી બફારાથી ત્રાહિમામ લોકોએ રાહતનો દમ લીધો...

### થરા તાણા રોડ પર વરસાદી પાણીનો નિકાલ કરી રોડ ખુલ્લો કરવા લોકમાંગ

। (પ્રતિનિધી) થરા, તા.૪ ।

આ વર્ષે ગરમી બફારાએ છેલ્લા કેટલાક વર્ષોના રેકોર્ડ તોડ્યા હોય તેવો લોકોને અનુભવ થયોને આ ગરમી બફારાના અહેસાસ પછી કેટલાક અનુભવી વૃદ્ધો એવું અનુમાન કરતા હતા કે વરસાદ જુન મહિનાની શરૂઆતમાં જ થશે પણ ગ્લોબલ વોર્મિંગની અસર ગરમી ઉકળાટ ૧૫મી જુન અને અષાઢી બીજ કોરી ધાકોર પસાર થતા અને સૌરાષ્ટ્ર કચ્છ દક્ષિણ ગુજરાત સહિત કેટલાક વિસ્તારો પાલનપુર વડગામ સુધી વરસાદ થયોને કાંકરેજ તાલુકામાં વરસાદ બીજી જુલાઈ સુધી નહીં થતાં ખેડૂત પશુપાલકો મુઝવણમાં હતા કે શું કરવું ચોમાસું કૃષિ પાકનું વાવેતર કરે અને વરસાદ ખાબકે તો મોંઘા ભાવના ખેડ ખાતર બિયારણ અને મજુરીનો માર પડે એટલે વરસાદની રાહ કાગડોળે ગોરંભાતા વાદળો વચ્ચે જોતા હતા ત્યાં ગઈ કાલે સવારે ઝરમર છાંટણાં સાથે મેઘરાજાનું આગમન થતાં સમગ્ર વિસ્તારમાં ખુશાલીનો માહોલ જોવા મળ્યો હતો અને સાંજના પોણા ચાર વાગ્યા આજુબાજુ દક્ષિણ દિશામાંથી કાળાં ડીબાંગ વાદળો ચડી આવ્યાં હતાં અને હળવા ગાજવીજ સાથે વરસાદ ચાલુ થતાં નાના ભૂલકાઓ અને અબોલ પશુ પક્ષીઓ વરસાદી પાણીનો આનંદ લેતા હતા તો બીજી બાજુ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો અને વાહન ચાલકો મુશ્કેલી અનુભવતા જોવા મળ્યા હતા. થરા તાણા રોડ,રૂની રોડથી દિયોદર ગરનાળા અને જુના પોલીસ કવોટરથી ભવાની સોસાયટી સુધી,ભક્તિ નગર, તક્ષશિલા શાંતિ નગર સોસાયટી વિસ્તાર વરસાદી પાણીમાં થોડા વરસાદે ગરકાવ થઈ ગયા હતા.

થરા તાણા રોડ પર વરસાદી પાણીનો નિકાલ કરી રોડ ખુલ્લો થાય તેવી લોકોની માંગ છે.



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

## વડોદરા કોર્પોરેશન સ્મશાનોનું સંચાલન આઉટસોર્સિંગ મારફતે કરાવશે

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

વડોદરા શહેરમાં ૩૧ સ્મશાનો આવેલા છે. આ તમામ સ્મશાનોનું સંચાલન ખાનગી સંસ્થાઓને સોંપી આઉટસોર્સિંગ મારફતે કરવા કોર્પોરેશન જઈ રહી છે. જેનો વિપક્ષ કોંગ્રેસે વિરોધ કર્યો છે, અને આજે સાંજે આ મુદ્દે કોર્પોરેશનમાં આવેદન પત્ર પણ આપી રજૂઆત કરનાર છે. આ અંગે કોર્પોરેશનના વર્તુળો જણાવે છે કે ટૂંક સમયમાં આ ખાનગી સંસ્થાઓને વર્ક ઓર્ડર આપી દેવામાં આવશે. અગાઉ સ્ટેન્ડિંગ સમિતિમાં આ માટેની દરખાસ્ત મંજૂર થઈ ચૂકી છે. વડોદરા શહેરના ચાર ઝોનમાં ૩૧ સ્મશાનોનું સંચાલન ત્રણ સંસ્થાઓ કરનાર છે. જેમાં દક્ષિણ અને પશ્ચિમ ઝોન માટે એક જ સંસ્થા છે. ઉત્તર અને પશ્ચિમ ઝોન માટે બે અલગ સંસ્થા છે. કોર્પોરેશનને આઉટસોર્સિંગ દ્વારા સંચાલનનો ખર્ચ ૧૦.૪૩ કરોડ થશે. આ સંસ્થાઓ સ્મશાનની સફાઈ, શૌચાલયની સફાઈ, બગીચાઓનું મેન્ટેનન્સ, લાકડા,છાણા, પૂળા અને આખરી સામાન અંતિમવિધિ માટે આપશે. આ સંસ્થાઓને સ્મશાને અંતિમવિધિ માટે જનારા લોકોએ એક પણ રૂપિયો આપવાનો નથી. કોર્પોરેશન દ્વારા જે વૃક્ષો કાપવામાં આવે છે, તેના લાકડા સ્મશાનોમાં જ જશે. જેમાં લાકડા વેરવાનો પ્રતિ મણ ૪૦ રૂપિયા ખર્ચ કોર્પોરેશન સંસ્થાઓને આપશે.

### યુદ્ધના ધોરણે એક્ઝિબિશન હોલ ખાલી કરાયો

# અમદાવાદના એકા ક્લબમાં સ્વિમિંગ પૂલની દિવાલ તૂટતાં દોડધામ મચી

### છત્તીસગઢના મંત્રી પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા તે દરમિયાન અચાનક દિવાલ તૂટવાનો અવાજ આવ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં પ્લેન ક્રેશની ઘટનાને હજુ સુધી એક મહિનો પણ પુરો થયો નથી ત્યાં તો અમદાવાદના એકા ક્લબ ખાતે સ્વિમિંગ પુલની દિવાલમાં તિરાડ પડતાં અફરાતફરી મચી જવા પામી હતી. એકા ક્લબ ખાતે આયુષ ઈન્ડિયાનું એક્ઝિબિશન ચાલુ રહ્યું હતું. તે દરમિયાન છત પર આવેલા સ્વિમિંગની દિવાલ તૂટી પડતાં પાણી લીકેજ થવા લાગ્યું હતું. જેથી ઘટનાસ્થળે હાજર લોકોમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી ગઈ છે. ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલા એક્કા ક્લબ ખાતે ઓલ ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિએશન દ્વારા આયોજિત આયુષ ઈન્ડિયા પ્રદર્શનની પાંચમી એડિશન ચાલી રહી હતી, ત્યારે સ્વિમિંગ પૂલની દિવાલમાં તિરાડ પડી હતી. છત્તીસગઢના મંત્રી પત્રકારો સાથે



વાતચીત કરી રહ્યા તે દરમિયાન અચાનક દિવાલ તૂટવાનો અવાજ આવ્યો હતો અને ધડધડ પાણીનો પ્રવાહ વહેવા લાગ્યો હતો. એક્ઝિબિશન કાર્યક્રમમાં અચાનક બનેલી ઘટનાને કારણે લોકોએ નાસભાગ શરૂ કરી દીધી છે. થોડીવારના અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. છત ઉપર આવેલા સ્વિમિંગ પૂલની દિવાલ તૂટતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો અને એકા ક્લબની બહાર આવેલા શોરૂમના શટર બંધ કરી હતા. તો બીજી તરફ તાત્કાલિક સ્વિમિંગ પૂલનું પાણી ખાલી કરી નાખી પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી.

### દ્વારકા જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો

# જામકલ્યાણપુરમાં ધોધમાર વરસાદ, હર્ષદ રોડ પર ઘૂંટણ સમા પાણી ભરાયા

### કચ્છ, જામનગર, દ્વારકા, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે

। (એજન્સી) દ્વારકા, તા.૪ ।

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી મુજબ દ્વારકા જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. દ્વારકાના જામકલ્યાણપુરમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. રસ્તાઓ અને બજારોમાં જાણે નદીઓ વહી રહી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે. ભારે વરસાદના કારણે લાંબા ગામે હર્ષદ રોડ પર ઘૂંટણ સમા પાણી ભરાયા છે. વરસાદી પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. દ્વારકા જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. દ્વારકાના જામકલ્યાણપુર, લાંબા,સતાપર, નાવદ્રા,ભોગાત સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. ભારે વરસાદના કારણે માર્ગો પર નદીઓ વહેતી થઈ હતી. હવામાન વિભાગ પ્રમાણે રાજ્યમાં હાલમા ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી સાત દિવસ પણ વરસાદની શક્યતાઓ છે. હવામાન વિભાગે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. કચ્છ, જામનગર, દ્વારકા, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે પોરબંદર,રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, મોરબી, અરવલ્લી, મહીસાગર, સુરત, તાપી નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરી છે

### સુરક્ષા એજન્સીઓ એલર્ટ

# વડોદરામાં એક જ દિવસમાં બે સ્કૂલને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

વડોદરામાં એક જ દિવસમાં બીજી એક સ્કૂલને પણ બોમ્બની ધમકી મળતા દોડધામ મચી હતી. પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમ બનાવના સ્થળે તપાસ કરી રહ્યા છે. વડોદરામાં એક પછી એક સ્કૂલને બોમ્બની ધમકી મળી રહી છે પરંતુ પોલીસ હજી ધમકીભર્યા ઈ-મેલ કરનાર સુધી પહોંચી શકી નથી. સમા વિસ્તારની નવરચના તેમજ ગુજરાત રિફાઈનરી સ્કૂલને ધમકી મળ્યા બાદ આજે સવારે હરણી મોટનાથ રોડ પર આવેલી સિગ્નસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આરડીએક્સ મૂક્યો છે અને ગમે ત્યારે બ્લાસ્ટ થશે તેવી ધમકી મળી હતી. જેથી સ્કૂલ છોડી દેવામાં આવી હતી અને તપાસ કરતાં કશું જ હાથ લાગ્યું ન હતું. આ દરમિયાનમાં દિવાળી પુરા વિસ્તારની ડી.આર.અમીન સ્કૂલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ મળતા તાત્કાલિક શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું હતું. વાલીઓ પણ મોટી સંખ્યામાં સ્કૂલે આવી જતા ભયનો માહોલ સર્જાયો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે સ્કૂલમાં દોડી ગયા હતા અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની મદદ લઈ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ગત



અઠવાડિયે ચેન્નઈની આઈટી એન્જિનિયર રેની જોશીલ્ડાની ધમકીભર્યા ઈમેલ મોકલવાને લઈને ધરપકડ કરાઈ હતી. તેમછતાં ધમકીભર્યા ઈમેલ સિલસિલો યથાવત જોવા મળી રહ્યો હતો. આજે સવારે વડોદરાની સિગ્નસ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બ્લાસ્ટની ધમકી મળતાં વાલીઓ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. હાલમાં સ્કૂલમાં સઘન ચેકિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું, પરંતુ જો કશું હાથ લાગ્યું ન હતું. વડોદરાની વધુ એક સ્કૂલને બોમ્બની ધમકી મળતા સ્કૂલ તેમજ વાલીઓમાં અફરાતફરી નો માહોલ સર્જાયો હતો.